# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

પ્રથમ વર્ષ બી.એ. - ઈતિહાસ

પેપર - ૨

(મુખ્ય તથા ગૌણ)

**HISM / HISS-102**

# ગુજરાતનો ઈતિહાસ

(પ્રાગૈતિહાસિક યુગથી ઈ.સ.૧૩૦૪ સુધી)









## વિભાગ-૨ ક્ષત્રપ સમય થી મૈત્રક યુગ સુધી

# સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. ૧૯૯૪માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એકમાત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે : 'જેનાથી ચારીત્ર્ય ઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી, શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે, બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમના રોજિંદા કામો કરતા પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાય : પરમં તપ:' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહી પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવા પાઠ્યપુસ્તકો નિષ્ણાંત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.

**પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાય**

**કુલપતિ**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, જ્યોતિર્મય પરિસર સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ.

| | |
|---|---|
| **સંપાદન:** | |
| પ્રો. ડૉ. અમી ઉપાધ્યાય | નિયામક, સ્કૂલ ઓફ હ્યુમિનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સિશ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ.સોનલ  ચૌધરી | આસિસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ. |
| **વિષય સમિતિ:** | |
| ડૉ.સોનલ ચોધરી | આસિસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ. |
| ડૉ.અરુણ વાઘેલા | પ્રોફેસર અને અધ્યક્ષ ,ઇતિહાસ વિભાગ , ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદ. |
| ડૉ. લલિત પટેલ | પ્રિન્સીપાલ, શ્રી અને શ્રીમતી પી.કે. કોટાવાલા આર્ટસ કોલેજ, પાટણ |
| **પરામર્શન (વિષય):** | |
| ડૉ.અરુણ વાઘેલા | પ્રોફેસર અને અધ્યક્ષ ,ઇતિહાસ વિભાગ , ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદ. |
| ડૉ. જગદિશ ચૌધરી | પ્રિન્સીપાલ, એસ. વી. આર્ટસ કોલેજ, અમદાવાદ. |
| ડૉ. અનસુયા ચોથાણી | પ્રોફેસર,ઈતિહાસ વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સીટી, રાજકોટ. |
| **લેખન:** | |
| ડૉ. અશોક વાઘેલા | આસિસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ, સરકારી આર્ટસ કોલેજ, અમીરગઢ |
| ડૉ. હરેશ પંચાલ | આસિસ્ટન્ટ પ્રોફેસર , ઈતિહાસ વિભાગ, નવજીવન આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, દાહોદ |
| ડૉ. રમેશ પટેલ | આસિસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ, આર્ટસ કોલેજ, રાજેન્દ્રનગર |
| **પરામર્શન (ભાષા) :** | |
| ડૉ. જીતલ રાઠોડ<br>ડૉ. જાગૃતિ મહેતા<br>ડૉ. દિનેશ ભદ્રેસરિયા | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી<br>આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી<br>આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી |

**પ્રકાશક:** ડૉ. ભાવિન ત્રિવેદી, કાર્યકારી કુલસચિવ, ડૉબાબાસાહેબ આંબેડકર . ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

Copyright © Dr. Babasaheb Ambedkar Open University – Ahmedabad. June 2020

This publiation is made available under a Creative Commons Attribution-NonCommercial-ShareAlike 4.0 International (CC BY-NC-SA 4.0) https://creativecommons.org/licenses/by-nc-sa/4.0/

**ISBN " 978-93-89909-05-0 "**

All rights reserved. No part of this work may be reproduced in any form, by mimeograph or any other means without permission in writing from Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad. While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this learning material. Readers are requested to kindly notify missing attribution, if any.

**HISM/HISS-102**

# ગુજરાતનો ઈતિહાસ

## (પ્રાગૈતિહાસિક યુગથી ઈ.સ.૧૩૦૪ સુધી)

વિભાગ-2

## ક્ષત્રપ સમયથી મૈત્રક યુગ સુધી

**એકમ-6**

ક્ષત્રપકાલીન ગુજરાત

**એકમ-7**

મૈત્રકકાલીન રાજકીય ઈતિહાસ-ભટ્ટાક, ધ્રુવસેન પહેલો, ધ્રુવસેન બીજો, શિલાદિત્ય પહેલાના વિશેષ સંદર્ભમાં

**એકમ-8**

મૈત્રકકાલીન ગુજરાતની સામાજિક, આર્થીક, ધાર્મિક, સાંસ્કૃતિક અને વહીવટી સ્થિતિ

**વિભાગ-2**

**ક્ષત્રપ સમયથી મૈત્રકયુગ સુધી**

ગુજરાતનો ઇતિહાસ (પ્રાગૈતિહાસિકયુગ થી ઈ.સ. ૧૩૦૪ સુધી) પેપર-2 ના વિભાગ-2 (ક્ષત્રપ સમયથી મૈત્રકયુગ સુધી) માં કુલ ત્રણ એકમોનો સમાવેશ કરવામાં આવેલ છે.જેની વિગતો નીચે મુજબ છે.

એકમ-6 ભારતના અને ગુજરાતના પ્રાચીન ઇતિહાસમાં ક્ષત્રપકાળનું વિશેષ મહત્વ છે. આ એકમમાં ગુજરાતના પશ્ચિમી ક્ષત્રપોનાં રાજકીય ઇતિહાસની સાથે સાથે આ સમયની ગુજરાતની સંસ્કૃતિ, ધર્મ, સમાજ, કલાઓ વગેરેની માહિતી આપવામાં આવેલી છે.

એકમ-7,8 ભારત પર અને એમાય ગુજરાતમાં ગુપ્તસત્તા નિર્બળ પડતા ગુજરાતના ભાવનગરનાં વલભી પ્રદેશમાં કનવાજ વંશનો ઉદય થયો, જે મૈત્રકો તરીકે ઓળખાયા. મૈત્રકો એ વિશાળ સામ્રાજ્ય બનાવ્યું. મૈત્રક વંશની સ્થાપનાથી માંડી તેના શાસકો અને તેમની રાજ્ય વ્યવસ્થા તથા તેમના વિજયોની વિસ્તૃત માહિતી આપવામાં આવેલી છે.

મૈત્રકોના સમયમાં ગુજરાતની પ્રગતિ સોળેકળાએ થઇ હતી, જે આ એકમમાં દર્શાવેલ આ સમયની સામાજિક, આર્થિક, ધાર્મિક વહીવટીતંત્ર વગેરે પાસાઓની વિસ્તુત માહિતી પરથી જાણી શકાશે.

| એકમ-06 | ક્ષત્રપકાલીન ગુજરાત |
|---|---|

**રૂપરેખા**


6.0 ઉદ્દેશો

6.1. પ્રસ્તાવના

6.2. માહિતીના સ્રોત

6.2.1. સિક્કાઓ

6.2.2.અભિલેખો

6.2.3.ગુફાલેખ

6.2.4.પુરાવશેષો

6.2.5.સાહિત્ય

● તમારી પ્રગતિ ચકાસો ગ

6.3.પશ્ચિમી ક્ષત્રપો

6.3.1.સાતવાહન રાજ્ય સાથેના સંબંધો

6.3.2.રાજકીય સંગઠન

●તમારી જાતે ચકાસો.

6.3.3સાંસ્કૃતિક ઈતિહાસ

6.3.3.1. લલિત સાહિત્ય

6.3.3.2. શિક્ષણ

6.3.3.3. ભાષા અને લિપિ

6.3.3.4. ધર્મ

6.3.3.5. સ્થાપત્ય, શિલ્પ, ચિત્ર.

6.3.4.સામાજિક સ્થિત

6.3.5.આર્થિક સ્થિતિ

6.3.6.પ્રાકૃતિક સ્થળ નામ અને વસાહતો

● તમારી પ્રગતિ ચકાસો.

6.4 સારાંશ

6.5 શબ્દાવલી/ચાવીરૂપ શબ્દો

6.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

6.7 સંદર્ભગ્રંથો


**6.0. ઉદ્દેશો :**

આ એકમ વાંચ્યા પછી તમને આ બાબતો સમજાશે.

● ગુજરાતના પશ્ચિમી ક્ષત્રપોનો ઇતિહાસ જાણવાના સાધનો.

• મૌર્ય સામ્રાજ્ય પછીના પશ્ચિમ ભારતની પ્રથમ ચાર સદી સુધીની રાજકીય સ્થિતિ.
•પશ્ચિમી ક્ષત્રપકાલીન ગુજરાતની સંસ્કૃતિ, ધર્મ, સમાજ, કલાઓ, આર્થિક સ્થિતિ.

### 6.1. પ્રસ્તાવના:

અગાઉ તમે મૌર્યકાલીન ગુજરાતમાં મૌર્ય શાસનનો પ્રભાવ વિસ્તાર વિશે જાણ્યું. રાજકીય શાસન પધ્ધતિ, ચંદ્રગુપ્ત મૌર્ય અને અશોકની ધમ્મ નીતિ તથા તેના સૌરાષ્ટ્રના સુબા શાસનથી પણ અવગત થયા.તે સમયના ગુજરાતના સામાજિક-ધાર્મિક અને આર્થિક જીવન વિશે પણ જાણ્યું.તમે એ પણ શીખ્યા કે આ વંશનો અંત ઇ.સ. 180માં પુષ્યમિત્ર શુંગના હાથે આવ્યો. ઇ.સ.પૂર્વ પ્રથમ સદી સુધીમાં કોઈ વિસ્તૃત સામ્રાજ્ય ન રહેતાં વાયવ્ય સરહદેથી વિવિધ પરદેશી પ્રજાઓનું આગમનનો માર્ગ મોકળો બન્યો.જેમાં ઇ.સ.ની પ્રથમ સદીથી પશ્ચિમ ભારતમાં મધ્ય એશિયાની શક પ્રજાએ જે ગુજરાતના પશ્ચિમી ક્ષત્રપો તરીકે ઓળખાયા છે તેમનું શાસન સ્થપાયું. ભારતના અને ગુજરાતના પ્રાચીન ઈતિહાસમાં ક્ષત્રપકાલનું વિશેષ મહત્ત્વ છે. ક્ષત્રપશાસન ઘણી બધી બાબતોમાં વિશેષતા ધરાવે છે. માત્ર ગુજરાતનું જ નહીં પરંતુ સમગ્ર ભારતવર્ષનું તે સૌ પ્રથમ દીર્ઘશાસિત સ્વતંત્ર રાજ્ય હતું. આ રાજવંશ વિશે આપણે અહીં વધુ વિગતોથી માહિતી મેળવીશું. તે ઉપરાંત તેના ઈતિહાસના સાધનો,ગુજરાતની સાંસ્કૃતિક, ધાર્મિક, આર્થિક સ્થિતિ વિશે પણ આ એકમમાં આપણે અભ્યાસ કરીશું.

### 6.2. માહિતીના સ્રોત:

#### 6.2.1.સિક્કાઓ:

ક્ષત્રપ રાજવંશના શાસનકાળ દરમ્યાનના ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ જાણવાના મુખ્ય સ્રોત તેમના સિક્કાઓ છે. પશ્ચિમી ક્ષત્રપ રાજાઓએ પડાવેલા સિક્કાઓ મોટી સંખ્યામાં પ્રાપ્ત થયા છે. અત્યાર સુધીમાં તેમના વીસેક નિધિ(hoards) પ્રાપ્ત થયા છે. ઉપરાંત વિવિધ સ્થળોએથી છૂટાછવાયા ઘણા સિક્કાઓ મળ્યા છે ને મળે છે. જે મોટા ભાગના સંગ્રહાલયોમાં કે ખાનગી સંગ્રહોમાં છે. મોટા ભાગના સિક્કાઓ ચાંદીના છે. આ રાજાઓના બહોળી સંખ્યામાં પ્રાપ્ત થતા સિક્કાઓ ગુજરાત પ્રદેશમાં બહોળી વસતિ અને વેપાર સૂચવે છે. સિક્કાની બંને બાજુએ ઉપસાવેલાં(embossed) ચિહ્નો, આકૃતિ અને લખાણો તે સમયની રાજકીય, આર્થિક અને સાંસ્કૃતિક ઈતિહાસ જાણવામાં ખૂબ ઉપયોગી થયા છે. આ સિક્કાઓની બે વિશિષ્ટતાઓ નજરે પડે છે.(i) સિક્કા પડાવનાર રાજાએ પોતાના નામ હોદ્દા સાથે પિતાના નામ અને હોદ્દા પણ અંકિત કરાવ્યા છે. જે આ રાજાઓની સળંગ વંશાવલી માટે ઉપયોગી છે. અને (ii) સિક્કા નિર્માણનું વર્ષ પણ આપ્યું હોઈ સળંગ સાલવારી જાણવામાં ઈતિહાસકારોને મદદરૂપ બન્યા છે. સિક્કાઓ ક્ષત્રપ અને મહાક્ષત્રપ એમ બે પ્રકારના છે. તથા રાજા શબ્દ વિશેષણ તરીકે બધે જ વપરાયું છે. વિદ્વાનોના મત મુજબ યુવરાજ માટે ક્ષત્રપ અને મહારાજા માટે મહાક્ષત્રપ બિરુદ્દોનો વિનિયોગ ક્ષત્રપ સિક્કાઓની વિશેષતા છે. તેથી કયો રાજા ક્યાં? અને ક્યારે? યુવરાજ કે મહારાજા પદે હતો તે જાણવું સુલભ થાય છે. ક્ષત્રપોના સિક્કાઓને અન્ય વિશેષતામાં યુવરાજ અને મહારાજા બંનેનાં સંયુક્તશાસનનો પણ ખ્યાલ આપે છે.

આ વંશના શાસકોના સિક્કાઓનો સૌથી મોટો નિધિ ગુજરાતના જૂનાગઢના ઉપરકોટ સ્થળેથી 1897માં પ્રાપ્ત થયો હતો. જેમાં 1200 જેટલા સિક્કાઓ હતા. આ નિધિમાં રુદ્રસેન 1લાથી રુદ્રસેન 3જા સુધીના રાજાઓના સિક્કાઓનો સમાવેશ થાય છે. ઉપરાંત ગોહિલવાડના અમરેલી, સુરત જિલ્લાના કામરેજ, રાજકોટ જિલ્લાના ખામટા,જૂનાગઢ રાજ્ય, સાબરકાંઠાના(હાલ અરવલ્લી જિલ્લો) દેવની મોરી, ખેડા જિલ્લાના દેવા, જૂનાગઢના વસોજ, સનાડિયા, મહારાષ્ટ્રના કરાદ, જોગલથમ્બી(નાસિક જિલ્લો-સૌથી મોટો નિધિ),બાસિમ અને કુંડીનપુર(વર્ધા જિલ્લો), શિરવાલ (પૂણે જિલ્લો), મધ્યપ્રદેશના ભોપાલ પાસે સાંચી, છીંદવાડા, ગોંદરમૌ, આંધ્રપ્રદેશમાં પેટલુરીપલેમ, રાજસ્થાનમાં સર્વાણિયા(વાંસવાડા),સોનેપુર (છિદવાડા) એમ કુલે વીસેક સ્થળોએથી સિક્કા નિધિ પ્રાપ્ત થયા છે. આમ, સિક્કાઓ પરથી ક્ષત્રપ શાસકોમાં રુદ્રસિંહ 1લો, જીવદામા, રુદ્રસેન 1લો, પૃથિવિષેણ,સંઘદામા, દામસેન, દામજદશ્રી 2જો, વીરદામા, યશોદામા 1લો, વિજયસેન, દામજદશ્રી 3જો, રુદ્રસેન 2જો, વિશ્વસિંહ, ભર્તૃદામા, વિશ્વસેન, રુદ્રસિંહ 2જો, યશોદામા 2જો, રુદ્રસેન 3જો, સ્વામી સિંહસેન, રુદ્રસિંહ 3જાના નામ જાણી શકાયા છે. તેમના સિક્કા નિધિ વડોદરા, જૂનાગઢ, રાજકોટ ,ભાવનગર, ભુજ ,મુંબઈ અને ભોપાલ જેવા જુદા-જુદા સંગ્રહાલયોમાં સંગૃહિત છે.



ચિત્ર-1 ભૂમક



ચિત્ર-2 નહપાન



ચિત્ર-3 ચાષ્ટન



ચિત્ર-4 રુદ્રદામા



ચિત્ર-5 રુદ્રસિંહ-I



ચિત્ર-6 જીવદામા



ચિત્ર-7 રુદ્રસેન-II

### 6.2.2. અભિલેખો:

અભિલેખિક સામગ્રીમાં સિક્કાઓ ઉપરાંત શિલાલેખો, અસ્થિપાત્રલેખો, મૃદભાંડલેખો વગેરેનો સમાવેશ થાય છે. ક્ષત્રપ શાસકોના અભિલેખો ખૂબ ઓછી સંખ્યામાં પ્રાપ્ત હોવા છતાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. આ કાળના 32 જેટલા અભિલેખો અત્યાર સુધીમાં પ્રાપ્ત થયા છે. ક્ષહરાત ક્ષત્રપવંશના રાજા નહપાનના સમયના તેના સ્નેહી-સંબંધીઓએ કરેલ દાન વિશે આઠ લેખો નાસિક અને પૂણે જિલ્લામાં આવેલી ગુફાઓની દીવાલો પર (ઉષવદાત્તના)(જુઓ ચિત્ર-8) કોતરેલા મળ્યા છે. જેનો મુખ્ય વિષય દાન છે. જેમાં ભૂમિદાન, ગૌદાન, કન્યાદાન, સુવર્ણદાન વગેરેને લગતી માહિતી છે. વળી તેમાં ઉત્કીર્ણ મિતિ નહપાનના શાસન સમય નિર્ધારણ માટે ખૂબ મહત્વની છે.ઉપરાંત તેમાં કેટલાંક તત્કાલિન ધાર્મિક સ્થાનો, વહીવટી વિભાગો,નાણાં ધીરધાર માટેની શરાફી પેઢી વગેરે વિશે માહિતી મળે છે. તેવી જ રીતે કાર્દમક ક્ષત્રપકુળના મહાક્ષત્રપ રુદ્રદામા 1લાના સમયનો ગિરનાર શિલાલેખ અતિ મહત્વનો છે. તેમાં તેના પૂર્તકાર્ય ઉપરાંત સુદર્શન જળાશયના નિર્માણકાર્યનો પૂર્વ ઈતિહાસ સાથે રુદ્રદામાના વિશિષ્ટ વ્યક્તિત્વની સાથે તે કાળની શિક્ષણ પધ્ધતિનો ખ્યાલ આપે છે. આંધૌમાંથી(કચ્છ) પ્રાપ્ત ચાર યષ્ટિલેખો ચાષ્ટન અને રુદ્રદામાના રાજ્ય, તે કાળનાં ગોત્ર, વ્યક્તિનામો વિશે પ્રકાશ પાડે છે. ક્ષત્રપ સમયના અન્ય પ્રાપ્ત શિલાલેખો, મુદ્રાઓ, મુદ્રાંકો તથા મૃદભાંડ ઉપર કોતરેલાં લખાણ પણ વર્ષ, પ્રજાપયોગી જાહેર બાંધકામ, સ્થળો વગેરે જેવી ઉપયોગી માહિતી પૂરી પાડે છે. ભિલોડા તાલુકાના શામળાજી તીર્થ નજીક મેશ્વો નદી કિનારે આવેલા દેવની મોરી ગામની સીમમાં એક ટેકરાનું ઉત્ખનન મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી વડોદરાના ઈતિહાસ અને પુરાવસ્તુવિદ્યા વિભાગના પ્રા.ડૉ. રમણલાલ નાગરજી મહેતાના વડપણ હેઠળ તથા ડૉ. સૂર્યકાંત ચૌધરીની દેખરેખ નીચે 1960ના દાયકામાં થયું. જેમાં એક બૌદ્ધસ્તૂપ અને વિહારના અવશેષો પ્રાપ્ત થયા હતા. ગુજરાતમાં પકવેલી માટીની બૌધ્ધ પ્રતિમાઓ સૌ પ્રથમ અહીંથી જ મળી આવી હતી. જેણે ક્ષત્રપકાલના શિલ્પ-સ્થાપત્ય પર નવો પ્રકાશ પાડ્યો હતો. આમ, શિલ્પકળાની વિશિષ્ટ શૈલી અહીં વિકસેલી જોવા મળી. સ્તૂપના પેટાળમાંથી પ્રાપ્ત શૈલ દાબડા પરનો લેખ સંસ્કૃત પદ્ય અભિલેખોમાં પૂર્વકાલીન માલૂમ પડ્યો છે.(જુઓ ચિત્ર-9) ત્યાંથી પ્રાપ્ત વિશ્વસેનના સિક્કા તથા સ્તૂપના સ્થાપત્ય, શિલ્પોની કલાકારીગરી ઇ.સ. ચોથી સદીના ક્ષત્રપકાલીન હોવાનું વિદ્વાનો માને છે.

ચિત્ર-8 ઉષવદત્તનો નાસિક ગુફાલેખ(નં.10)






ચિત્ર-9Aદેવની મોરીનો સમુદ્દગક(દાબડો)



ચિત્ર-9B દેવની મોરી(દાબડાનો તળિયાનો લેખ)

**6.2.3.ગુફાલેખ :**

વાસિષ્ઠીપુત્ર પુળુમાવિનો નાસિક ગુફાલેખ પણ પશ્ચિમી ક્ષત્રપ શાસન પર પ્રકાશ પાડે છે. લેખના ઉલ્લેખ પ્રમાણે ગૌતમીપુત્ર શાતકર્ણિએ પશ્ચિમી ક્ષત્રપ રાજવંશનો અંત લાવ્યો હતો. કણ્હેરી ગુફાલેખ પ્રમાણે મહાક્ષત્રપ રુદ્રદામાએ પોતાની પુત્રી ગૌતમીપુત્ર સિરિ શાતકર્ણિને પરણાવી હતી. આમ, પશ્ચિમી ક્ષત્રપો અને સાતવાહનોના અભિલેખોમાંથી બંને રાજવંશો પ્રતિસ્પર્ધી હતા તથા ક્ષહરાત પશ્ચિમી ક્ષત્રપ રાજવંશનું કુળ અને પિતૃપક્ષના નામોનો ઉપયોગ તેના પરથી જાણી શકાયા છે.

**6.2.4.પુરાવશેષો :**

ક્ષત્રપકાલના સ્થાપત્ય અને શિલ્પના કેટલાક અવશેષો ગુજરાતના સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત, જૂનાગઢ, સાબરકાંઠામાંથી પ્રાપ્ત થયા છે. જેમાં જૈન અને બૌધ્ધ ધર્મનાં ચૈત્યો, મઠોના નમૂના સૌરાષ્ટ્રના વિસ્તારોમાંથી, દક્ષિણ ગુજરાતમાં ક્ષત્રપકાલીન બૌધ્ધ ગુફાઓ, જૂનાગઢ, સાબરકાંઠામાંથી ચણેલા ઈંટેરી સ્તૂપ, વિહારના અવશેષો, જામનગરના જામખંભાલિયા પાસેના સ્થળેથી મળેલ માનવાકૃતિ, મથુરાથી પ્રાપ્ત ચાષ્ટનનું માથા વગરનું ખંડિત બાવલું વગેરે ક્ષત્રપકાલીન વિકસિત શિલ્પ-સ્થાપત્યના કલાના સુંદર નમૂના છે. રાજ્યના વિભિન્ન સ્થળોએ ઉત્ખનનથી પ્રાપ્ત પુરાવશેષોમાં રેખાંકિત મુદ્રાઓ, માટી વગેરેમાંથી બનાવેલા મણકા,પકવેલી માટીમાંથી નિર્મિત પ્રાણીઓ, સ્ત્રીઓની પૂતળીઓ, શંખ-છીપલાં-હાથીદાંત-હાડકાંના ઘરેણાં, લોખંડના ઓજારો, માટીનાં વાસણો, પકવેલી ઈંટો વગેરે એ કાળના મૃદભાંડોના અવશેષ હજુ પણ મળતાં રહે છે. લાલ રંગનાં અને ચમકદાર સપાટીવાળા માટીનાં વાસણો એ ક્ષત્રપકાલીન વિશેષતા છતી કરે છે. આમ, ઉપરોક્ત પુરાવશેષીય સામગ્રી ક્ષત્રપકાલીન ગુજરાતના માનવજીવન અને સાંસ્કૃતિક જીવનનાં વિવિધ પાસાંને સમજવા ઉપયોગી માહિતી પૂરી પાડે છે.

**6.2.5.સાહિત્ય:**

ક્ષત્રપકાલીન પુરાવસ્તુકીય અને અભિલેખિક સ્રોતની તુલનામાં સાહિત્ય સામગ્રી અલ્પ પ્રમાણમાં પ્રાપ્ત થઈ છે. વળી, જે મળે છે તેને પણ ક્ષત્રપકાલીન ગણવામાં મુશ્કેલીઓ નડી છે. ખાસ કરીને જૈનધર્મ અને તેમના સૂરીઓએ નોંધપાત્ર ફાળો આપ્યો છે. જોકે જૈનધર્મ તથા દર્શન સાહિત્યના ઘણા લેખકો ક્ષત્રપકાલીન હતા. પરંતુ તેમની કૃતિઓ ક્યાં અને ક્યારે રચાઈ તે અનિર્ણિત છે. તેમ છતાં ક્ષત્રપોના રાજ્ય અમલ સાથે સંબંધ ધરાવતી કૃતિઓમાં નાગાર્જુનસૂરિના અધ્યક્ષ સ્થાને વલભીમાં યોજાયેલી જૈન પરિષદમાં “વાલભી વાચના” નામે જૈન આગમોને લગતી કૃતિ તથા વલભીના મલ્લવાદીનો ગ્રંથ “દ્વાદશારનયચક્ર” મુખ્ય છે. સિદ્ધસેન દિવાકરરચિત “સન્મતિપ્રકરણ”, “બત્રીસીઓ” અને “ન્યાયાવતાર” ગ્રંથો ક્ષત્રપકાલના છે. ક્ષત્રપશાસનના ઉત્તરાર્ધમાં જૈન વાઙ્મયમાં જાણીતા મહાકાયગ્રંથ “અંગવિજ્જા પઈણ્ણ્ય” (અજ્ઞાત લેખક) રચાયો. બ્રાહ્મણ વિદ્વાન દુર્ગાચાર્ય રચિત “દુર્ગવૃત્તિ” આ કાલમાં ગુજરાતમાં રચાયેલી મનાય છે. આમ, ઉપરોક્ત સાહિત્યમાંથી ક્ષત્રપકાલીન ગુજરાતની સંસ્કૃતિ જાણવામાં મદદરૂપ છે. ઉપરાંત મૈત્રકકાલથી સલ્તનતકાલ દરમ્યાન રચિત કેટલીક અનુકાલીન સાહિત્યિક

કૃતિઓમાંથી પણ ગુજરાતના ક્ષત્રપકાલના સાંસ્કૃતિક ઈતિહાસ માટે ઉપયોગી છે. જેમાં મૈત્રકકાલીન સંઘદાસ ગણિવાચકની "વસુદેવહિંદી", સોલંકીકાલમાં પ્રભાચંદ્રાચાર્યકૃત "પ્રભાવકચરિત", સલ્તનતશાસન સમયની મેરૂતુંગાચાર્યકૃત "પ્રબંધચિંતામણિ", જિનપ્રભસૂરિરચિત "વિવિધતીર્થકલ્પ" મુખ્ય ગણી શકાય. વિદેશી સાહિત્યમાંથી પણ ક્ષત્રપકાલીન ગુજરાત વિશે માહિતી સાંપડે છે. જેમાં અજ્ઞાત ગ્રીક પ્રવાસી લેખકનો ગ્રંથ "ઈરિથ્રિયન પેરિપ્લસ" અને મિસરના ગ્રીક વિજ્ઞાની ક્લોડિયસ તોલમાયે(તોલેમી)નું "ભૂગોળનું વર્ણન" મુખ્ય છે. આમ, ઉપરોક્ત વિવિધ સ્રોતમાંથી ક્ષત્રપ સમયના ગુજરાતનો ઈતિહાસ સૂપેરે જાણવા મળે છે.

**(ક) તમારી પ્રગતિ ચકાસો**

1. સાચા વિધાનની સામે √ નિશાન અને ખોટા વિધાનની સામે X નિશાન કરો.
   (1) શક-ક્ષત્રપો મધ્ય એશિયાના વતની હતા. ( )
   (2) ક્ષત્રપ રાજાઓના બહોળી સંખ્યામાં પ્રાપ્ત સિક્કાઓ તેમના નબળા શાસનને દર્શાવે છે. ( )
   (3) દેવની મોરીથી જૈન શૈલાશ્રય મળ્યા છે. જેમાં મહાવીર સ્વામીની પ્રતિમાઓ મુખ્ય છે. ( )
   (4) ગિરનાર શિલાલેખમાં ક્ષત્રપ રાજા રુદ્રદામાનો લેખ છે, જે તેની પ્રશસ્તિ સ્વરૂપે છે. ( )
   (5) પશ્ચિમી ક્ષત્રપ રાજાઓમાં સૌથી નોંધપાત્ર રાજા જીવદામા હતો. ( )
2. ક્ષત્રપકાલીન ઈતિહાસ જાણવાના વિવિધ સાધનો વિશે પાંચ વાક્ય લખો.

________________________________________________

________________________________________________

________________________________________________

________________________________________________


**6.3.પશ્ચિમી ક્ષત્રપો:**

શકો સિથિયનો(Scythions) તરીકે પણ ઓળખાય છે. કેટલીક વાર શકો સાથે પહલવ(પાર્થિયનો)નો ઉલ્લેખ સાથે શક-પહલવ જોવા મળે છે ને બંને જાતિઓના રાજાઓના નામમાં સામ્ય હોવાથી તેમને ઓળખવામાં મુશ્કેલી અનુભવાય છે. ઉત્તર-પશ્ચિમ ભારતના ખાસ પ્રદેશો સાથે સંલગ્ન 'શકો' તરીકે ઓળખાય છે. આ શકો અનુ-મૌર્ય કાલ દરમ્યાન ઈરાનથી જુદા-જુદા સમયે વાયવ્ય ભારત, સિંધ અને સૌરાષ્ટ્રમાં આવી સત્તા સ્થાપી. સિંધમાં તેઓએ 'હિંદનું શકસ્થાન' વસવેલું તથા તેની રાજધાની મિનનગર હતું. તેમની જુદી-જુદી શાખાઓએ અફઘાનિસ્તાન, પંજાબ, મથુરા, મધ્ય અને પશ્ચિમ ભારતમાં વસી ઇ.સ. ચોથી સદી સુધી શાસન કર્યું. શકો મધ્ય એશિયાની બર્બર જાતિમાંના હતા પરંતુ ત્યાં રાજકીય ઉથલપાથલ તથા યુહ-ચીએ તેમને બેક્ટ્રિયાની સરહદથી હટાવતાં તેઓ પણ ગ્રીકો(યવનો) પાછળ ભારત પહોંચ્યા


અને ધીરે-ધીરે ઉત્તર-પશ્ચિમ ભારતમાં ગ્રીકોને ખસેડી પોતાનું શાસન સ્થાપ્યું. તેમના ઉલ્લેખો ગ્રીક-રોમન, ચીનના પ્રારંભિક અહેવાલોમાં મળે છે. પુરાતત્વિય અને સિક્કાઓ તેમાં ઉપયોગી છે. આમ, ઉત્તર-પશ્ચિમ ભારતમાં શકોનો પ્રવેશ ઈ.સ. પૂર્વ બીજી સદીથી ઈ.સ.ની પ્રથમ સદી સુધી મનાય છે.

પશ્ચિમ ભારતમાં શક રાજાઓએ શાસન સ્થાપ્યું. તેઓ પોતાને 'ક્ષત્રપ' કે 'મહાક્ષત્રપ' તરીકે ઓળખાવતા. તે 'પશ્ચિમી ક્ષત્રપો' તરીકે જાણીતા છે. ક્ષત્રપ એ સંસ્કૃત શબ્દ મૂળે ઈરાની ભાષાના શબ્દ 'સથ્રપાવન'નું અપભ્રંશ છે. જેનો અર્થ પૃથ્વીપાલ થાય છે. આ રાજાઓના બહોળી સંખ્યામાં પ્રાપ્ત સિક્કા તથા થોડાક અભિલેખ પરથી તેમના અનેક કુલ સત્તાએ આવ્યા તેવું માલુમ પડે છે. જેમાં મુખ્ય છ કુલનો અત્રે ઉલ્લેખ કરીશું. (i) ક્ષહરાત કુલઃ આ તેમનું પહેલું રાજકુલ હતું. તેમાં બે રાજા ભૂમક અને નહપાન થયા. શૈલલેખો અને સિક્કાલેખોમાં તેમને ક્ષહરાત ક્ષત્રપ અને રાજા ક્ષહરાત કહ્યા છે. ભૂમકના પ્રાપ્ત માત્ર તાંબાના ગોળ સિક્કા અને અલ્પ માત્રા પરથી તેણે દસેક વર્ષ રાજ્ય કર્યું લાગે છે. સંભાવતઃ ઈ.સ. 23-32 કે 32-38. નહપાનના ચાંદી તથા તાંબાના ગોળ સિક્કા તથા નાસિક અને પૂણેની બૌધ્ધ ગુફાઓમાં ઉત્કીર્ણ દાન લેખ, જૈન સાહિત્યમાં તે સાતવાહન સમકાલીન હતો અને તેની પ્રાપ્ત મિતિઓ સાથે શક સંવત સાથેના તુલનાત્મક અભ્યાસથી તેનો રાજ્યકાલ ઈ.સ. 78-79 હશે તથા તેણે 46 વર્ષ રાજ્ય કર્યું. નાસિકના જોગલથમ્બીથી પ્રાપ્ત 14-15 હજારના સિક્કા નિધિને આધારે પાછળના સમયે સાતવાહન રાજા ગૌતમીપુત્ર શાતકર્ણિએ નહપાનનું રાજ્ય પડાવી લીધું હતું. નહપાનની રાજધાની ભરૂકચ્છ(ભરુચ) હતી. આમ, નહપાનનો રાજ્ય વિસ્તાર ઉત્તરે અજમેર, દક્ષિણ ગુજરાત, કોંકણ, નાસિક, પૂણે, પશ્ચિમમાં સુરાષ્ટ્ર, પૂર્વે માળવા હતો. (ii) કાર્દમક ચાષ્ટન કુલઃ ગુજરાતના શક શાસકોમાં ક્ષહરાત કુલ પછી કાર્દમક ચાષ્ટનકુલમાં 20 જેટલા રાજાઓ થયા. જેમણે 300 વર્ષ શાસન કર્યું હતું. આ કુલનો સ્થાપક ચાષ્ટન હતો. તેણે ઈ.સ. 78 થી 130 શાસન કર્યું. તેના આંધૌ(કચ્છ)ના યષ્ટીલેખો તથા તોલેમીની ભૂગોળના ઉલ્લેખ મુજબ તેની શરૂઆતની રાજધાની આંધૌ અને પછીથી ઉજ્જન હોવા સંભવ છે. ક્ષહરાત નહપાને ગુમાવેલા કેટલાક પ્રદેશો ચાષ્ટન-રુદ્રદામાના સંયુક્ત શાસને પાછા મેળવી લીધા હતા.આ વંશનો બીજો નોંધપાત્ર રાજા રુદ્રદામા હતો. તે ચાષ્ટન પુત્ર જયદામાનો પુત્ર હતો. પિતાના ક્ષત્રપાવસ્થામાં મૃત્યુ પછી તે ક્ષત્રપ પદે ઈ.સ.130માં આવ્યો. તે પશ્ચિમી ક્ષત્રપ રાજાઓમાં સૌથી વધુ પ્રતાપી હતો ને તેણે ઈ.સ. 178 સુધી શાસન કરી પચાસ વર્ષ સત્તા ભોગવી. તેના જૂનાગઢના શૈલલેખ મુજબ રાજ્યની સીમાઓ પૂર્વમાં આકર, પશ્ચિમે અવંતિ, અનૂપ, નીવૃત્ત(નિમાડ), આનર્ત, સુરાષ્ટ્ર, શ્વભ્ર, મરુ, કચ્છ, સિંધ, સૌવીર, કુકુર, અપરાંત અને નિષાદ સુધી હતી. શૈલલેખની તેના વિશેની પ્રશસ્તિ મુજબ તે મહાન પ્રતાપી અને પરાક્રમી હતો. માળવા, સિંધ અને કોંકણ તેણે જીતી લીધાં હતાં. આંધ્રના સાતવાહન રાજા શાતકર્ણિને બે વાર હરાવી છોડી મૂક્યો હતો. તેણે પંજાબ, રાજસ્થાન અને ઉજ્જનના પ્રદેશો જીત્યા તથા બળવાન યોદ્ધાઓને હરાવી ઉખેડી નાંખી મહાક્ષત્રપનું બિરુદ ધારણ કર્યું. તેનું વ્યક્તિત્વ ધર્માભિમુખ, લોકકલ્યાણકારી, શત્રુ પ્રત્યે ઉદાર, વિદ્વાન, આદર્શ અને વહીવટી કુશાગ્રતા ધરાવતો હતો. તેની રાજધાની ઉજ્જનમાં હતી તથા

ગુજરાત પ્રાંતનો સૂબો સુવિશાખ હતો. રુદ્રદામાને દામજદશ્રી અને રુદ્રસિંહ બે પુત્રો હતા. તેમાં રુદ્રસિંહ 1લાના સમયથી સિક્કાઓ ઉપર વર્ષનિર્દેશક સંખ્યા આપવાની શરૂઆત થઈ. જે વિશિષ્ટતા ગણી શકાય. ઉપરાંત ચાર શિલાલેખો સમયનિર્દેશવાળા પણ મળ્યા છે. વર્ષ અંકનમાં જેમ તે સૌ-પ્રથમ છે તેમ પૂર્ણ ભારતીય નામ અપનાવવામાં તે પ્રથમ ક્ષત્રપ રાજવી છે. રુદ્રસિંહને રુદ્રસેન 1લો, સંઘદામા અને દામસેન ત્રણ પુત્રો હતા. તેમ છતાં ઉત્તરાધિકારના નિયમ પ્રમાણે રુદ્રસિંહનો ઉત્તરાધિકારી તેના અનુજ દામજદશ્રીના પુત્ર જીવદામાને પ્રાપ્ત થયો હતો. જે સીધો જ મહાક્ષત્રપ પદે આવ્યો. તેનું શાસન ટૂંકું રહ્યું. રુદ્રસેન 1લાએ(રુદ્રસિંહ 1લાનો મોટો પુત્ર) 22 વર્ષ ઈ.સ. 200 થી 222 સુધી શાસન કર્યું. ત્યાર પછીનાં વર્ષોમાં પૃથિવિશેણ, સંઘદામા દામસેન, યશોદામા 1લો, વિજયસેન, દામજદશ્રી 3જો, રુદ્રસેન 2જો, વિશ્વસિંહ, ભર્તુદામા, વિશ્વસેન આ કુળના ક્ષત્રપ-મહાક્ષત્રપ થયા. ભર્તુદામા પછી ચાષ્ટનકુળની રાજ્યસત્તા પતન તરફ ઢળી ને શક વર્ષ 226થી ક્ષત્રપ-મહાક્ષત્રપ એવા સંયુક્ત પ્રશાંસનિક વ્યવસ્થાનો પણ અંત આવ્યો.(iii)ત્રીજું ક્ષત્રપકુલ: ત્રીજા કુલના રાજા જીવદામાના ચાષ્ટનવંશના છેલ્લા રાજા વિશ્વસેન વચ્ચે પૈતૃક સંબંધ અંગે પ્રશ્ન સર્જાય છે. એટલે આ ત્રીજા કુળના નામકરણ વિશે જાણી શકાયું નથી. તેમ છતાં આ કુળમાં સ્વામી જીવાદામા જ્ઞાત પડે છે. બીજો રાજા રુદ્રસિંહ 2જો અને યશોદામા 2જો માલૂમ પડે છે. આ ત્રણેય રાજાઓના સિક્કાઓમાં ક્ષત્રપ કે મહાક્ષત્રપને સ્થાને સ્વામી અને ક્ષત્રપપદ શબ્દો મળે છે. યશોદામાના અઢારેક વર્ષ શાસન બાદ ત્રીજા ક્ષત્રપકુલનો અંત આવ્યો. (iv)ચોથું ક્ષત્રપકુલ: આ કુલથી પશ્ચિમી ક્ષત્રપ રાજાઓ નામની આગળ સ્વામી વિશેષણ વાપરે છે. સ્વામી રુદ્રદામા 2જો આ કુળનો સ્થાપક છે. જે તેના પુત્ર રુદ્રસેનના સિક્કા પરથી જાણી શકાયું છે. કેમ કે તેનો એકપણ સિક્કો પ્રાપ્ત થયો નથી. ચાષ્ટન મહાક્ષત્રપ ભર્તુદામા પછી લાંબા સમયે ભર્તુદામા પોતાને માટે મહાક્ષત્રપપદનો પ્રયોગ કર્યો છે. ત્યાર પછી સ્વામી રુદ્રસેન 3જો ગાદીએ આવ્યો. જેણે શક વર્ષ 270 થી 302 સુધીમાં 32 વર્ષ શાસન કર્યું. જે ક્ષત્રપ વંશનો છેલ્લો પ્રતાપી રાજા જણાય છે.(v)પાંચમું ક્ષત્રપકુલ: આ કુળમાં સ્વામી રુદ્રદામા 2જો અને સ્વામી રુદ્રસેન 4થો થયા. શાક વર્ષ 302 થી 306 અને 306 થી 310 અનુક્રમે શાસક બન્યા હતા.(vi) છઠ્ઠું ક્ષત્રપકુળ: ચાષ્ટન, રુદ્રસિંહ 2જો, રુદ્રસેન 3જાના પિતાશ્રીઓની માહિતી તેમના સિક્કાઓ પરથી મળી છે તેમ છઠ્ઠા ક્ષત્રપકુળના પ્રથમ રાજા સ્વામી સત્યસિંહની માહિતી તેના પુત્ર રુદ્રસિંહ 3જાના સિક્કા પરથી મળે છે. તેનો પુત્ર સ્વામી રુદ્રસિંહ 3જો પશ્ચિમી ક્ષત્રપોમાં છેલ્લો જ્ઞાત રાજા છે. આમ, શક વર્ષ 337 અર્થાત ઈ.સ. 415થી ગુજરાતમાંથી ક્ષત્રપ શાસનનો અંત આવે છે ને કુમારગુપ્ત પહેલાની સત્તા સ્થપાઈ.




નકશો-1




નકશો-2

**6.3.1. સાતવાહન રાજ્ય સાથેના સંબંધો:**

અનુ-મૌર્યકાળમાં પશ્ચિમ ભારતમાં બે મુખ્ય રાજવંશોમાં ગુજરાતના પશ્ચિમી ક્ષત્રપો અને આંધ્રના સાતવાહન રાજાઓ. બંને સમકાલીન અને દીર્ઘકાલીન સત્તા ભોગવતાં હતાં. બંને વચ્ચે રાજકીય વિસ્તાર સંદર્ભે સ્નેહ-સંબંધ અને શત્રુતા નિભાવતાં રહ્યાં. પ્રાપ્ત સાધનો મુજબ સાતવાહન રાજાએ ક્ષહરાત રાજા નહપાનને હરાવ્યો હતો. નાસિકના જોગમથમ્બીના વિખ્યાત સિક્કા નિધિ પરથી નહપાનના સિક્કાઓ ઉપર સાતવાહન રાજા ગૌતમીપુત્ર શાતકર્ણિએ પોતાની છાપ ઉપસાવેલી છે. તેની વિપરિત શાતકર્ણિના તાંબાના સિક્કાઓ પર ચાષ્ટને પોતાની છાપ ઉપસાવી હતી ને ગિરનાર શૈલલેખ પ્રમાણે રુદ્રદામાએ દખ્ખણના શાતકર્ણિને બે વાર હરાવી સંબંધી હોવાને કારણે છોડી મૂક્યો હતો. જે એક-બીજા પરની ચડાઈ, યુદ્ધ અને પ્રદેશ વિસ્તાર અધિકાર સૂચવે છે. વળી, કણ્હેરી ગુફાલેખ મુજબ ગૌતમીપુત્ર શાતકર્ણિની પત્ની રુદ્રદામાની પુત્રી

હતી. આમ,બંને રાજવંશના અભિલેખ પરસ્પરના પ્રાપ્ત કરેલા પ્રદેશોનો નિર્દેશ કરે છે. ગુજરાતના પશ્ચિમી ક્ષત્રપો અને સાતવાહનો સમકાલીન, પ્રતિસ્પર્ધી અને લગ્નસંબંધોથી જોડાયેલા હતા અને પરસ્પર રાજકીય સાથે સાંસ્કૃતિક અસરો પાડી હતી.

**6.3.2.રાજકીય સંગઠન :**

ભારતના પશ્ચિમ ભાગે વિશાળ ભૂ-ભાગમાં ક્ષત્રપોનું રાજ્ય ફેલાયેલુ હતું. તેથી તેનો વહીવટ સંગીન પાયા પર રચાયો હતો. આ ક્ષત્રપ રાજ્ય સ્વતંત્ર રાજ્ય હતું. રાજ્યનો સર્વોચ્ચ વહીવટીવડા કે શાસક તરીકે રાજા મહાક્ષત્રપ કે રાજા ક્ષત્રપ હતો. પ્રારંભિક બે કુળોમાં મહાક્ષત્રપને યુવરાજ(ક્ષત્રપ) શાસનમાં મદદ કરતો. ક્ષત્રપ તરીકે નિમાયેલો યુવરાજ મહાક્ષત્રપના અવસાન પછી મહાક્ષત્રપનો હક્ક પ્રાપ્ત કરતો. બંને રાજાપદ ધારણ કરી બંને પોતાના નામે સિક્કા પાડવાની અને અભિલેખ કોતરાવવાની છૂટ રહેતી. આથી જ એક જ સમયના એક જ સિક્કાની આગળ-પાછળ ક્ષત્રપ-મહાક્ષત્રપ છપાતું. જે સંયુક્ત શાસનનું દ્યોતક છે. રાજપદ વંશાનુગત હતું. રાજા મહાક્ષત્રપ કહેવાતો હતો. સામાન્યત:રાજાના અનુજને ગાદી મળતી. પણ અનુજના અભાવે તે અધિકાર સીધો જ જ્યેષ્ઠ પુત્રને પ્રાપ્ત થતો. ક્યારેક રાજા ક્ષત્રપ પોતાની સ્વેચ્છાએ કે પ્રજા ઈચ્છાએ એ અધિકાર મેળવતો. રાજા બિરુદ યુવરાજ અને મહારાજ બંને માટે વપરાતું હતું. સ્વામી અને ભદ્રમુખ બિરુદો પણ જાણવા મળ્યાં છે. ઉપરાંત રુદ્રદામાના શૈલલેખ પ્રમાણે રાજામાં જરૂરી ગુણો આવશ્યક ગણાતા હતા.જેમાં આકર્ષક વ્યક્તિત્વ,સાહિત્ય અને વિદ્યાઓમાં નિપૂણ, સર્વ વર્ણ-વર્ગનો પ્રિય વગેરે ગુણો તે ધરાવતો હોવો જોઈએ. પ્રજાનું પાલન અને રક્ષણ તેનો મુખ્ય રાજધર્મ ગણાતો. વિશાળ રાજ્યની આંતરિક સુરક્ષા ને શાંતિ માટે તથા સુદ્રઢ વહીવટ માટે યોગ્ય અધિકારીઓની નિમણૂંક તે કરતો.

જૂનાગઢના શૈલલેખમાં સચિવો અને અમાત્યના ઉલ્લેખ પરથી સૌરાષ્ટ્ર જેવા મોટા પ્રાંતોમાં અમાત્ય અધિકારી તરીકે હતા. અયમ અને સુવિશાખ નામે બે અધિકારીઓનાં નામ અનુક્રમે જુન્નર ગુફાલેખ અને ગિરનાર શૈલલેખ પરથી જાણવા મળ્યાં છે.જે મહારાજાને વહીવટમાં મદદ કરતા. અમાત્યો દેશી-વિદેશી બંને જાતિમાંથી નિમાતા. અમાત્યોમાંથી કેટલાકને સચિવ તરીકે કામગીરી સોંપાતી જે બે પ્રકારના રહેતા. (i)મતિસચિવ(રાજાનો સલાહકાર) અને (ii)કર્મસચિવ(વહીવટદાર). સચિવો રાજાના કોઈ મહત્ત્વના કાર્યમાં તરફેણ કે વિરુદ્ધમાં અભિપ્રાય આપી શકતા. આનર્ત-સૌરાષ્ટ્રના પ્રદેશ વહીવટની જેમ રાજ્યના વિશાળ અન્ય પ્રદેશોમાં કાર્યદક્ષ અને નિપૂણ અમાત્યો-સચિવો નિમાતા હશે. રાજ્ય અનેક વિષયો(પ્રદેશો)માં વહેંચાયેલું હતું. અભિલેખો મુજબ રાજયમાં રાષ્ટ્ર અને આહાર નામે મોટા વહીવટી વિભાગો હતા. રાષ્ટ્રને અત્યારના પ્રાંત સાથે સરખાવી શકાય. જેનો વહીવટી અધિકારી અમાત્ય હતો. સુવિશાખ તેનું દ્રષ્ટાંત છે. આકર-અવંતિનો પ્રદેશ રાજધાનીનો હોઈ કેન્દ્રના સીધા અંકુશ નીચે હતો. આહાર જિલ્લા જેવું હશે. આહાર નાના એકમોમાં ગ્રામ કે નગરમાં વિભક્ત હશે. જેનો સીધો ઉલ્લેખ મળતો નથી.

પશ્ચિમ ક્ષત્રપોના વિશાળ સંખ્યામાં પ્રાપ્ત સિક્કાઓ તાંબા, ચાંદી, પોટન, સીસા અને મિશ્રધાતુના ગોળ અને ચોરસ છે. ચાંદીના સિક્કાને “કાર્ષાપણ” કહેતા. સોનાનો સિક્કો “સુવર્ણ” કહેવાતો ને

35 કાર્ષાપણ=1 સુવર્ણ ગણાતો. પશ્ચિમી ક્ષત્રપવંશના પ્રત્યેક રાજાના ચાંદીના સિક્કા મળ્યા છે. જે ભારતીય-યવન રાજાઓના અર્ધદમ્મ જેટલુ જ વજન અને 0.5'' થી 0.7'' જેટલો વ્યાસ ધરાવે છે. આ રાજાઓએ સિક્કાઓમાં કેટલીક બાબતે પહેલ કરી હતી. જેમકે નહપાને સિક્કા પર મુખાકૃતિ, ચાષ્ટને પર્વતાદી પ્રતીકો અને હોદ્દા સાથે પિતાનું નામ, યશોદામાએ માત્ર બ્રાહ્મીમાં જ લખાણ અંકિત કરવાનો અને રુદ્રસિંહ 1લાએ સિક્કા પર વર્ષ આપવાનો સૌ-પ્રથમ પ્રારંભ કર્યો હતો. પશ્ચિમી ક્ષત્રપોના સિક્કા પર ગ્રીક-રોમ લિપિમાં લખાણ છે જે ગ્રીક અને ભારતીય અસર સ્પષ્ટ જોઈ શકાય છે. એ ગ્રીક લખાણ ઉકેલવામાં અંગ્રેજ વિદ્વાન એડવર્ડ જેમ્સ રેપ્સન અને એચ.આર.સ્કોટનને સફળતા મળી હતી. વિદ્વાનોના મત મુજબ ટંકશાળા જૂનાગઢમાં હતી. આમ, ક્ષત્રપ શાસકોના સિક્કા અભિનવ, વિશિષ્ટ, લાક્ષણિક અને સીમાચિહ્નરૂપ છે.

**(ખ) તમારી પ્રગતિ ચકાસો**

1. ખાલી જગ્યા પૂરો.

1. પશ્ચિમી ક્ષત્રપનું પહેલું રાજકુલ _____________હતું.
2. કાર્દમક કુલનો સ્થાપક_____________ હતો.
3. ક્ષત્રપોના વિખ્યાત સિક્કાનિધિ માટે જાણીતું જોગલથમ્બી____________પાસે આવેલું છે.
4. ક્ષત્રપ મહારાજા માટે ______બિરુદ અને યુવરાજ માટે __________ બિરુદ વપરાતું હતું.
5. ____________ ક્ષત્રપકાલીન વહીવટી તંત્રનો સર્વોચ્ચ વડો હતો.

2. ગુજરાતના પશ્ચિમી ક્ષત્રપોના વહીવટીતંત્ર વિશે પાંચ વાક્યો લખો.

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

3. ક્ષત્રપ રાજકુલ વિશે સંક્ષિપ્તમાં જણાવો.

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

4. ક્ષત્રપ-સાતવાહન સંબંધો કેવા હતા?

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

### 6.3.3.સાંસ્કૃતિક ઈતિહાસ:

#### 6.3.3.1.લલિત સાહિત્ય

લલિત સાહિત્ય ગ્રંથો ઉપલબ્ધ નથી પરંતુ ગિરનાર શૈલલેખ અને દેવની મોરીના અભિલેખોમાંથી લલિત સાહિત્ય વિશે જાણવા મળે છે. રુદ્રદામાના ગિરનાર લેખનો કવિ અજ્ઞાત છે તેમ છતાં લખાણ પરથી તે ઊંચી કોટિનો કવિ હોવો જોઈએ. આ લેખની શુદ્ધ સંસ્કૃત ગદ્ય શૈલીને બ્યૂહલર પૂર્વકાલીન આલંકારિક નમૂનો માને છે. તે પરથી ગુજરાતની લોકભાષા સંસ્કૃતને પ્રજા સંસ્કૃતની જાણકાર હતી. તે પૂરવાર થાય છે. દેવની મોરીના અસ્થિપાત્ર લેખ સાદી સંસ્કૃત પદ્યરચનામાં છે. જૈન સાહિત્યને મથુરા અને વલભીમાં અકાળે ગ્રંથસ્થ કરવાના પ્રયત્નો થયા હતા. જેનો ઉલ્લેખ આગળ આવી ગયો છે.જેનો નિર્માણ અવધિ વીરનિર્વાણના 827 ઈ.સ. 300 કે 313 નિશ્ચિત છે. બૌધ્ધ વિદ્વાનો સ્થિરમતી અને ગુણમતિ વલભી પાસેના વિહારમાં રહી વિવિધ ગ્રંથો ઉપર ટીકાગ્રંથ લખ્યા હતા. સ્થિરમતિએ ગુરૂ અસંગ અને ગુણમતિએ ગુરુ આચાર્ય વસુબંધુના વૈજ્ઞાનિક વિચારોનો પ્રચાર ગુજરાતમાં કર્યો હશે તેમ મનાય છે. ઈ.સ. પ્રથમ-બીજી સદીમાં રચાયેલ અંગ-ફલાદેશ પરનો અજ્ઞાત લેખકનું મહારાષ્ટ્રીયન પ્રાકૃત ગદ્ય-પદ્યમાં રચિત અંગવિજ્જા પઈણ્ણય નોંધપાત્ર છે. નાગાર્જુનના ગુરુ પાદલિપ્તાચાર્યનો પ્રાકૃત તરંગવતી(ધર્મકથા, જે પ્રાપ્ત નથી), જ્યોતિષ્કરંડની આગમગ્રંથ પરની વૃત્તિ, નિર્વાણકલિકા ગ્રંથ(દીક્ષા-પ્રતિષ્ઠાવિધિ અંગે) વગેરે પ્રથમ સદીમાં મૂકી શકાય. નહપાનના સમકાલીન ને ભરૂકચ્છના નિવાસી પ્રસિદ્ધ કવિ  આચાર્ય વજ્રભૂતિ(વ્યવહારસૂત્ર સંદર્ભે), જંબુસરના વતની આચાર્ય યાસ્કના નિરુક્ત પર ટીકા આપનાર દુર્ગાચાર્ય વિશે થોડી માહિતી મળે છે.

#### 6.3.3.2. શિક્ષણ :

રુદ્રદામાનો શૈલલેખ એ કાળની શિક્ષણ વ્યવસ્થા ઉપર પ્રકાશ પાડે છે. જેમાં શબ્દ, અર્થ, ગાંધર્વ, ન્યાય, યુદ્ધ જેવી વિદ્યાઓ અને શિક્ષણપદ્ધતિના ચાર તબક્કાઓ પારણ, ધારણ, વિજ્ઞાન અને પ્રયોગ દ્વારા શિક્ષણકાર્ય થતું હતું. પાણિનીનું અષ્ટાધ્યાયી, પતંજલિનું મહાભાષ્ય, ભર્તુહરિના વાક્યપદીય, કૌટિલ્યના અર્થશાસ્ત્ર, ભારતના નાટ્યશાસ્ત્ર એ વિવિધ વિદ્યાઓ કાજે તથા દર્શનશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન માટે સિદ્ધસેનકૃત સન્મતિપ્રકરણ, ન્યાયાવતર તથા મલ્લવાદીના દ્વાદશારનયચક્રનો ઉપયોગ થતો હશે એવું અનુમાન છે. વલભી સમગ્ર દેશ માટે જૈન આગમવિદ્યાના શિક્ષણનું અને બૌધ્ધવિદ્યાનાં શિક્ષણ-સંશોધનનું  મુખ્ય કેન્દ્ર હતું. ભરુચમાં બૌદ્ધ-જૈન વિદ્વાનો વચ્ચે સંવિવાદ થતાં હતા.દેવની મોરી, જૂનાગઢ, ઈંટવા, તળાજા, ઢાંક વગેરે શિક્ષણનાં નાનાં કેન્દ્રો હતાં. શિક્ષણનું માધ્યમ આગળ જોઈ ગયા તેમ સંસ્કૃત હોવા સંભવ છે.

#### 6.3.3.3.ભાષા અને લિપિ:

ક્ષત્રપકાલીન લખાણોમાં અભિલેખો ખાસ મહત્ત્વના છે. જેની ભાષા સંસ્કૃત તે પણ સાદી ને સરળ લોકભોગ્ય. તેમ છતાં મહાક્ષત્રપ રુદ્રદામાનો જૂનાગઢ શૈલલેખ ઉચ્ચ કાવ્યમય ગદ્યશૈલીમાં તથા દેવની મોરીના અસ્થિપાત્ર લેખ સાદી સંસ્કૃત પદ્યરચના ધરાવે છે. તેનું ધાર્મિક લખાણ પાલિ ભાષામાં છે. સિક્કાઓ પર પ્રાકૃતભાષામાં મળે છે. ક્ષત્રપકાલમાં ગુજરાતમાં ખરોષ્ઠી અને

ગ્રીક લિપિ લુપ્ત થઈ, બ્રાહ્મી લિપિનો વિકાસ થયો. મૌર્યકાલીન બ્રાહ્મી ચોરસ આકાર તથા શિરોરેખા વિનાની હતી. જે ક્ષત્રપકાલમાં બ્રાહ્મી અક્ષરોએ લાંબાને વળાંકવાળા મરોડ ધરાવતા નાની શિરોરેખા ધારણ કરી. સંખ્યા દર્શાવતા 1 થી 9, 10 થી 90 અને 100 થી 300નાં અલગ-અલગ ચિહ્ન પ્રયોજાતાં હતાં.


### 6.3.3.4.ધર્મ :

પશ્ચિમી ક્ષત્રપોના આગમન સમયે આપણા દેશમાં હિન્દુ ધર્મમાં શૈવ, વૈષ્ણવ સંપ્રદાય, બૌદ્ધધર્મ ને જૈન ધર્મ પ્રચારમાં હતા. ક્ષત્રપોના રાજધર્મ વિશે જાણકારી નથી. તેમ છતાં આ શાસકોમાંના ઘણા શૈવપંથી હોવા સંભવ છે. આપણે સુપેરે એ વાતથી પરિચિત થયા છીએ કે ક્ષત્રપો શક જાતિના વિદેશીઓ હતા, પરંતુ સત્તારૂઢ થતાં અહીંના ધર્મ-સંસ્કૃતિ અપનાવી હતી. નહપાનના જમાઈ ઉષવદાત વગેરેએ બૌદ્ધ ભિક્ષુઓ માટે ગુફાઓ કરાવી તથા ભરુચ, પ્રભાસ વગેરે સ્થાને બ્રાહ્મણોને દાન આપ્યાં હતાં. કાર્દમક વગેરે રાજકુલોના ક્ષત્રપોમાંથી કેટલાકે રુદ્રદામા, રુદ્રસિંહ ને રુદ્રસેન નામ ધારણ કર્યાં હતાં. પ્રભાસ સૂર્યપૂજાનું મોટું કેન્દ્ર હતું. તેમ છતાં ત્યાં સોમશર્મા અને લકુલીશે પાશુપત સંપ્રદાય પ્રસારી સોમનાથનું મંદિર બંધાવ્યું હતું. વડોદરાના કાયાવરોહણ અને સાબરકાંઠા(હાલ અરવલ્લી)ના શામળાજીના વિસ્તારોમાં મોટી સંખ્યામાં શૈવ પ્રતિમાઓ પ્રાપ્ત થઈ છે. સૌરાષ્ટ્ર તથા દક્ષિણ ગુજરાતમાં જૈન ધર્મ સારો ફેલાયો હતો. નાગાર્જુને પાલિતાણા વસાવી શેત્રુંજ્ય પર મહાવીરસ્વામી તથા પાદલિપ્તાચાર્યની પ્રતિમા સ્થાપી હતી. વળી, આ કાલમાં ગુજરાતમાં અનેક જૈન આચાર્યો લેખકો થયા હતાં. વલભી જૈન-બૌદ્ધ ધર્મનું કેન્દ્ર હતું. સૌરાષ્ટ્ર અને તળ-ગુજરાતમાં બૌદ્ધ સ્તૂપો, વિહારો તથા ડુંગરોમાં ગુફાઓની પ્રાપ્તિ ત્યાં બૌદ્ધ ધર્મની હાજરી બતાવે છે. કચ્છમાં બૌદ્ધયષ્ટિઓ ઊભી કરાઈ હતી. આમ, ક્ષત્રપકાલમાં લોકોમાં દાન-ધર્મ, તીર્થયાત્રા, પૂર્તધર્મ વગેરેનું અનેરું મહત્ત્વ હતું.

### 6.3.3.5.સ્થાપત્ય,શિલ્પ અને ચિત્ર :


આ સમયના ગુજરાતમાંથી શૈલોત્કીર્ણ ગુફા સ્થાપત્યના અવશેષો પ્રાપ્ત થયા છે. આ સ્થાપત્યમાં ચૈત્યગૃહ અને વિહાર સ્વરૂપે કંડારાયેલી ગુફાઓનો સમાવેશ થાય છે, જૂનાગઢના બૌદ્ધ વિહાર ઈંટોથી નિર્મિત પ્રાપ્ત થયા છે. ઈંટવા વિસ્તારના આ વિહારમાંથી મળેલ એક મૃતિકા-મુદ્રાંકમાં વિહારને “મહારાજ રુદ્રસેન વિહાર” કહ્યો છે. જૂનાગઢના ખાપરા-કોડિયાની ગુફાઓ સાદી છે. જેના સ્તંભ ચાર પ્રકારનું વૈવિધ્ય ધરાવે છે. આ ગુફાઓનો રાજમહેલના રંગભવન તરીકેનો હેતું હોવો જોઈએ. ઉપરાંત ગોંડલ તાલુકાના વિરપુર નજીકના ખંભાલીડા પાસેની ત્રીજી-ચોથી સદીની પાંચ ગુફા સમૂહ (જુઓ ચિત્ર-10), ભાવનગર જિલ્લાના તળાજા નજીક 30 ગુફાઓ, ઊના તાલુકાના સાણાના ડુંગરમાં 62 ગુફાઓ તથા રાજકોટના ઢાંક નજીકની જૈન ગુફાઓ વગેરે મુખ્ય ગણાવી શકાય. તારંગાનું બૌદ્ધદેવી તારાનું મંદિર તથા નાગાર્જુને શેઢી નદી કિનારે(થામણા)માં પાર્શ્વનાથની પ્રતિમા સ્થાપી હતી. શામળાજી પાસેના દેવની મોરીથી ઈંટેરી સ્તૂપ અને બે ઈંટેરી વિહાર મળ્યા છે. વિહારની વચ્ચે ખુલ્લો ચોક તથા ચારે બાજુ હરોળમાં આઠ-આઠ કોટડીઓ આવેલી છે. મળેલ દાબડા લેખ અનુસાર રાજા રુદ્રસેનના રાજયકાલમાં સુદર્શન નામના બૌદ્ધ ભિક્ષુઓએ આ મહાસ્તૂપ બંધાવ્યો હતો. આમ, આ કાળમાં સ્થાપત્યમાં શૈલ

ગુફાઓ, વિહારો,ચૈત્યગૃહો ઉપરાંત બોરિયા સ્તૂપ, ઈંટવાનો સ્તૂપ તથા દેવની મોરીનો મહાસ્તૂપ ઈંટેરી સ્થાપત્ય ધરાવે છે. પકવેલી ઈંટોનો ઉપયોગ સ્થાપત્યમાં વિશેષ થવા લાગ્યો હતો.



ચિત્ર-10 ખંભાલીડાની ગુફા

શામળાજી આસપાસથી મળેલી ક્ષત્રપકાલીન શિલ્પકૃતિઓમાં ઊભા ગણેશ, માતા અને શિશુ, ભીલડીના વેશમાં પાર્વતી, ઊભેલા શિવ, ચામુંડા દેવી અને કુમાર-સ્કંદ, ખેડબ્રહ્મામાંથી મળેલ એકમુખ શિવલિંગ મુખ્ય છે. વલભીમાંથી કેશિનિષૂદન કૃષ્ણની અને મહિષાસુરમર્દિનીનાં શિલ્પ, કાકાની સિંહણ(સૌરાષ્ટ્ર,જુઓ ચિત્ર-12)થી મળેલ મસ્તક, સોજિત્રા(પેટલાદ)ના કુંડમાંથી મળેલું મસ્તક, દોલતપુર(કચ્છ)માંથી મળેલું નાનું મસ્તક, તેન(સુરત)માંથી મળેલી કિરીટધારી વિષ્ણુની નાની ખંડિત પ્રતિમા ક્ષત્રપકાલીન છે. આમ, આકૃતિ, ભાત, પદાર્થ અને પ્રતિક,પ્રાણી આકાર, માનવ આકૃતિ, દેવદેવીઓની પ્રતિમા ક્ષત્રપકાલીન શિલ્પ-સ્થાપત્યમાં વિશિષ્ટ સ્થાન ધરવે છે. શિલ્પો સુંદરતા ને કોતરણીમાં ઉત્કૃષ્ટ છે. પ્રતિમાઓમાં વિશાળ નયન, વસ્ત્રોમાંની કરચલીઓ, સુદ્રઢ શરીર વગેરે ક્ષત્રપકાલીન પ્રતિમાવિધાનનાં નોંધપાત્ર લક્ષણો છે.




ચિત્ર-11 બુદ્ધમૂર્તિ(દેવની મોરી)



ચિત્ર- 12 ક્ષત્રપ મસ્તક(કાકાની સિંહણ)

શૈલચિત્રો કે ગુફાચિત્રો બાબતે મધ્યપ્રદેશ, રાજસ્થાનની સરખામણીએ ગુજરાતમાં તેનો અભાવ વર્તાતો હતો. પરંતુ ગુજરાત રાજ્ય પુરાતત્વ ખાતાએ 1970માં ઈડર(સાબરકાંઠા)ની આજુ-બાજુથી પ્રાગૈતિહાસિકયુગથી લઈ ઈસ્લામી શાસન સુધીનાં ગુફાચિત્રો શોધી કાઢ્યાં છે. જેમાં ઈડરના ગંભીરપુરાના શૈલાશ્રયોમાંથી ચોથી-પાંચમી સદીના બૌદ્ધધર્મી સ્તૂપચિત્રો ને બ્રાહ્મી લખાણ મળ્યાં છે.



(નં.14) (નં.15) (નં.15) (નં.16)

ચિત્ર-13 શૈલાશ્રય ચિત્રિત સ્તૂપ(ગંભીરપુરા-ઈડર,સાબરકાંઠા)

### 6.3.4.સામાજિક સ્થિતિ:

ઉષવદત્તના શિલાલેખોમાંથી બ્રાહ્મણ, કોલિક, શક જાતિનો ખ્યાલ આવે છે. રુદ્રદામાના લેખથી પહલવ અને રુદ્રસિંહ 1લાના લેખ અને ઈશ્વરદત્તના સિક્કાથી આભીર જાતિ જાણવા મળે છે. અંગવિજ્જામાં ઉલ્લેખ પ્રમાણે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યનો સમાવેશ આર્ય લોકોમાં અને શુદ્રનો સમાવેશ મ્લેચ્છ લોકોમાં થતો હતો. એ કાળે ગુજરાતમાં ચાર વર્ણ અસ્તિત્વમાં હશે તથા ભાર્ગવ, ગૌતમ, કાશ્યપ, અંગિરસ, શાંડિલ્ય વગેરે ગોત્રોનો નિર્દેશ મળે છે. લોકો પર્વ કે ઉત્સવો ઉજવાતા. સુદ અને વદ પાંચમનું મહત્ત્વ વિશેષ હશે. કાર્તિક, માર્ગશીર્ષ, ફાલ્ગુન, ચૈત્ર, વૈશાખ, ભાદ્રપદ એ છ મહિનાનો ઉલ્લેખ મળે છે.તેથી અત્યારે પ્રચલિત મહિનાનાં નામ ક્ષત્રપકાલમાં પણ પ્રચલિત હતાં. વેપાર-વણજ ને મુસાફરી માટે ઘોડા, હાથી, વૃષભ, ઊંટ, ગાડું, બળદગાડું, ઘોડાગાડી, પાલખી, રથ, ડોળી વગેરેનો ઉપયોગ થતો. જળવાહનોમાં હોડી, તરાપા તથા કોટિયા જેવાં વાહનો વાપરતાં. ઘર વપરાશની ચીજોમાં પલંગ, ખુરશી, માંચી, પાટલી જેવાં આસનો થાળી, તાસક, કુંડી, પ્યાલા જેવાં વાસણો ઉપરાંત માટીમાં વાસણોનો ઉપયોગ કરતા. લોકોમાં વહેમો, અંધશ્રદ્ધા, માન્યતાઓ વગેરે પણ હતાં.

ક્ષત્રપકાલીન સાધનો પરથી તે સમયના લોકજીવન વિશે કઈંક અંશે જાણી શકાય છે. શિલ્પકલાના નમૂના પરથી તે કાળના સૌંદર્ય પ્રસાધનો વિશે જાણવા મળે છે. સિક્કા પરથી ક્ષત્રપ રાજાઓ લાંબી મૂછો અને કાન પાસે થોભિયા રાખતા હતા. લાંબા વાળ, કાનમાં કુંડળ, માથા ઉપર ટોપ પહેરતા. ડોકની નીચેની દેહભૂષા જાણી શકાઈ નથી. ક્ષત્રપ રાજાઓ ઈરાની ઢબનો કોટ પહેરતા હશે. સ્ત્રીઓ કટિની નીચેના ભાગમાં લાંબુ અધરવસ્ત્ર અને ઉપરના ભાગે ચોળી જેવું વસ્ત્ર ધારણ કરતી. કાનમાં કુંડળ સ્ત્રી-પુરુષ બંનેમાં સામાન્ય હતાં. સ્ત્રીઓ હાથે બાજુબંધ, ગળામાં ચંદનહાર, વીંટી, મેખલા, શિરીષ મલ્લિકા, કડું, બંગડી, કંકણ, વલય, હાર,


ઝાંઝર,વગેરે ઘરેણાં પહેરતી. કેશગૂંફન માટે દર્પણનો ઉપયોગ થતો. ચીની રેશમ, સામાન્ય રેશમ, વિવિધ શાલ, ઉત્તરીય, સફેદ ધોતી, સાડી, કિનારવાળી રેશમી સાડી, અનુત્તરીય,પાઘડી, વળયુક્ત પાઘડી, કોટ, જાકીટ જેવાં વસ્ત્રો પહેરતાં.

**6.3.5.આર્થિક સ્થિતિ:**

ખેતી આ સમયનો મુખ્ય વ્યવસાય હતો અને ખેતીનો વિકાસ રાજ્યની જવાબદારી હતી જે ગિરનાર શૈલલેખ પરથી સ્પષ્ટ થાય છે. પેરિપ્લસના વર્ણન મુજબ સૌરાષ્ટ્રની જમીન ફળદ્રુપ હતી. જ્યાં ઘઉં, ચોખા, તલ, કપાસ, જુવાર, બાજરી, શેરડી, મગફળીની ખેતી થતી. પશુપાલનનો વ્યવસાય પૂરક વ્યવસાય હતો. આમ, પ્રજા ઘઉં, બાજરી, ડાંગર, જવ વગેરેનો ખોરાકમાં ઉપયોગ કરતાં તથા સમુદ્રકાંઠાના લોકો માછલીનો અને દૂધ-ઘીનો વપરાશ કરતાં. મહુડી અને આસવના દારૂ, સૂપ-શરબત જેવાં પીણાં તથા ફળફળાદિનો ઉપયોગ થતો હતો.

ક્ષત્રપકાલીન પ્રાપ્ત માટીનાં ઠીકરાં, વાસણોના ટુકડા, ઈંટો, પકવેલી પ્રતિમાઓથી જાણવા મળે છે કે તે સમયે માટીકામનો ઉદ્યોગ ગુજરાતમાં મુખ્ય હુન્નર હશે. કુંભારીકામ, સુથારીકામ, લુહારીકામ, સોની, કંસારા, વણકર, મૂર્તિ, સિક્કા નિર્માણના ધંધા, કડિયાકામ, ઈંટ નિર્માણનો ધંધો, સિલાઈકામ ઉપરાંત સરકારી નોકરી વગેરે હતા. શંખની બંગડીઓ ને મણકા બનાવવાનો હુન્નર વિકસ્યો હતો. વસ્તાન ડુંગરી(સુરત) અને ધાતવામાં લોખંડ ગાળવાનો વ્યવસ્થિત ઉદ્યોગ ચાલતો હતો. તાંબા અને લોખંડ ઉપરાંત સીસાની થોડીક ચીજો પણ મળી છે. ક્ષત્રપોના સિક્કા તેમાં મુખ્ય છે. સીસાનાં કાનનાં ઘરેણાં, દેવની મોરીના સ્તૂપમાંથી પ્રાપ્ત સોનાની ડબ્બી, ટીંબરવામાંથી સોનાના પતરા ઉપરનો ભાતનો નમૂનો જેવા વિવિધ સાધનો પરથી ક્ષત્રપકાલમાં ધાતુ ઉદ્યોગ વિકસ્યાના પ્રમાણો મળ્યાં છે. ક્ષત્રપકાલમાં ગુજરાતનો વેપાર ગ્રીસ-રોમ સાથે હતો તથા ભરૂકચ્છ વેપાર-ઉદ્યોગનું મોટું કેન્દ્ર હતું. પેરિપ્લસના વર્ણનો મુજબ કઠ(coptus), જટામાંસી(spikenard), ગુગલ, હાથીદાંત, અકીક, પન્ના, હરતાલ(lyceum), સુતરાઉ, રેશમ, મુલાયમ કાપડ, સૂતર વગેરેની આ બંદરેથી નિકાસ થતી હતી. ઈટાલિન અને લાઓડિસિયાઈ દારૂ, તાંબુ, કલાઈ, સીસું, પરવાળા, પોખરાજ, બાટિક, વિવિધ કાપડ, કમરબંધ, મીઠાં લવિંગ, કાચ, હિંગળો, સોના-ચાંદીના સિક્કા, લેપ, રૂપાનાં વાસણો વગેરેની આયાત થતી હતી. ભરુચ સિવાય સમુદ્રતટે આવેલી દ્વારકા, માંગરોળ, પ્રભાસ, વલભી, ગોપનાથ, હાથબ, નગરા વગેરે પણ વાણિજ્યક કેન્દ્રો હોવા સંભવ છે.

નાણાં ધીરધારનો વ્યવસાય અસ્તિત્વમાં હતો. પ્રાપ્ત માહિતી પરથી વ્યાજના દર 9 થી 12 ટકા સુધીના હશે. તે સમયનાં શ્રેણીસંઘો આધુનિક બેંકની ગરજ સારતાં હશે. જે આર્થિક વિકાસનું દ્રષ્ટાંત ગણાય.



ચિત્ર-14 ચકચકિત રાતાં વાસણ ઊંચી ડોક અને સાંકડા મોઢાવાળાં

**6.3.6. પ્રાકૃતિક સ્થળ નામ અને વસાહતો :**

ક્ષત્રપકાલીન ગુજરાતનાં પ્રાકૃતિક સ્થળનામો વિશે પેરિપ્લસ, તોલેમીની ભૂગોળ, ક્ષત્રપ રાજાઓના શિલાલેખો, ગુફાલેખો વગેરેમાં ઉલ્લેખો છે. જે પરથી ગુજરાતના વિવિધ ક્ષેત્રો વિભિન્ન સમયે જુદાં-જુદાં નામે ઓળખાતાં હતાં. પેરિપ્લસમાં ‘બરાકાનો(દ્વારકા) અખાત’ કચ્છના અખાત તરીકે ઓળખતો હતો. તોલેમી કચ્છના અખાતને ‘કંથીનો અખાત’ કહે છે ને ‘બરાકા’ને તેના એક ટાપુ તરીકે દર્શાવે છે. આ બંને સાધનોમાં ખંભાતના અખાત માટે ‘બારિગાઝા’ શબ્દ પ્રયોજાયો છે. જે પ્રાય: ભરૂકચ્છના અખાત તરીકે ઓળખાતો હતો. ઘોઘા પાસે સ્થિત હાથબનું પ્રાચીન નામ હસ્તકવપ્ર જે પેરિપ્લસમાં અષ્ટકંપ્ર તરીકે ઉલ્લેખ છે. જ્યારે તોલેમીની ભૂગોળમાં તેને માટે અસ્તકપ્ર શબ્દ પ્રયોગ છે. જૂનાગઢના માંગરોળ માટે મોનોગ્લોસોન અને નવસારી માટે નવસરિપા તોલેમીની ભૂગોળમાં નિર્દેશિત સ્થળો હોવા સંભવ છે. શિલાલેખોમાં સુવર્ણસિકતા, પલાશિની, તાપી, દમણ, બાર્ણાશા, ઈંબા, પારદા, કરવેણવા વગેરે મુખ્ય છે. પેરિપ્લસમાં મહી માટે મૈસને તોલેમીએ  તેને ‘મોફીસ’ કહી છે. નર્મદા માટે અનુક્રમે નમ્માદુસ અને નમદુસ કહી છે. તોલેમીએ તાપીને માટે નાનાગૌન અને બનાસને પનસ શબ્દ પ્રયોજ્યો છે. શિલાલેખોમાં ઉર્જયત,ઉજ્જયન્ત, રૈવતક પર્વતોના સુદર્શન તળાવના ઉલ્લેખ મળે છે.

ગુજરાતમાં આ કાળે નાની મોટી વસાહતો અસ્તિત્વમાં હતી. લેખોમાં કેટલાક ગામનો, નગરોનો નિર્દેશ છે. ભરુચ મોટી વસાહત હતી. ઉપરાંત ઉત્ખનનથી દ્વારકા, પ્રભાસ, અમરેલી, વડનગર, દેવની મોરી, નગરા, ટીંબરવા, અંકોટ્ક, કારવણ, કામરેજ વગેરે સ્થળોએ મોટી વસાહતો હોવા સંભવ છે. તેમાં ગિરિનગર છેક અશોકના સમયથી વહીવટી કેન્દ્ર હતું. ઉપરાંત માંગરોળ, સિદ્ધપુર, થાન, સોજિત્રા, વલભી મોટાં નગર હતાં. મૈત્રકકાલના પ્રારંભે જે નગરો અસ્તિત્વમાં હતાં તે ખેડ(ખેટક), વઢવાણ(વર્ધમાન), ગોધરા(ગોદ્રહક), જંબુસર, શિહોર(સિંહપુર) વગેરે પણ ક્ષત્રપકાલીન મોટી વસાહતોવાળાં નગરો હોવા સંભવ છે.

**(બ) તમારી પ્રગતિ ચકાસો**

1. ક્ષત્રપકાલીન ગુજરાતની સાંસ્કૃતિક સ્થિતિ વિશે પાંચ વાક્યો લખો.

2. ગુજરાતના ક્ષત્રપ શાસન સમયનું સમાજજીવન કેવું હતું?

3. ક્ષત્રપકાલમાં મુખ્ય વ્યવસાયો, ઉદ્યોગ-ધંધાનો વિકાસ કેવો હતો?

4. ક્ષત્રપકાલીન ગુજરાતની વસાહતો વિશે ટૂંકમાં લખો.

**6.4 સારાંશ :**

ઈ.સ.ની પહેલી સદીથી ચોથી સદીના 400 વર્ષ પર્યંત ગુજરાતમાં પશ્ચિમી ક્ષત્રપ શાસને રાષ્ટ્રના ઈતિહાસ અને સંસ્કૃતિના ઘડતરમાં નોંધપાત્ર ફાળો આપ્યો હતો. પ્રારંભીક ગુજરાતનું તે દીર્ઘકાલીન અને સ્વતંત્ર રાજ્ય હતું. શક સંવત, પૂર્વકાલીન ઈતિહાસની નોંધ કરતો ગિરનાર શિલાલેખ, જૈન દર્શન સાહિત્ય, ફલાદેશ સાહિત્ય, શિલ્પ-સ્થાપત્ય વગેરે ક્ષેત્રે ક્ષત્રપકાલીન ગુજરાતે મહત્વનુ પ્રદાન કર્યું છે. બૌદ્ધ, જૈન અને હિંદુ ત્રણ ધર્મો પ્રચારમાં હોવા છતાં ધર્મ-સહિષ્ણુતા એ આ કાળની વિશેષતા છે. આંતરિક વેપાર ઉપરાંત ગ્રીસ, રોમ સાથેનો ગુજરાતનો વેપાર વ્યાપક પ્રમાણે ચાલતો હતો. જે આગળ જતાં ગુપ્તકાલીન ભારતની આર્થિક સમૃદ્ધિ માટે કારણ બન્યું હતું. તેવી રીતે ક્ષત્રપોના સિક્કા ગુપ્તો માટે અનુકરણીય બન્યા.આમ, સમગ્ર રીતે જોતાં ગુજરાત અને ભારતના રાજ્યતંત્ર, સિક્કાવિજ્ઞાન, કાલગણના,લલિતકળા,સાહિત્ય, ધર્મ અને વેપારના વિકાસમાં ગુજરાતના ક્ષત્રપ શાસકોનો કાલખંડ ખાસ મહત્વ ધરાવે છે.

## 6.5 શબ્દાવલી :

- ક્ષત્રપ: યુવરાજ(હોદ્દો)
- મહાક્ષત્રપ: મહારાજા(હોદ્દો)
- નિધિ :એક જ પાત્રમાં સંગૃહિત સિક્કાનો જથ્થો, સંગ્રહ
- યષ્ટિલેખ : પાળિયા લેખ
- સ્તૂપ: ઋગ્વેદમાં સૌ-પ્રથમ ઉલ્લેખ, શાબ્દિક અર્થ ઢગલો કે ટેકરો, મરનારની ચિત્તા કે પસંદ કરેલી અસ્થિ પર ચબૂતરા જેવા સ્થાપત્યનું નિર્માણ.

## 6.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો :

ક ના જવાબો

1. (1) √ (2) X (3) X (4) √ (5) X

**ખ ના જવાબો.**

1. (1)- ક્ષહરાતકુલ (2)- ચાષ્ટન (3)- નાસિક(મહારાષ્ટ્ર) (4)- રાજા મહાક્ષત્રપ, રાજા ક્ષત્રપ (5)- રાજા મહાક્ષત્રપ

## 6.7 સંદર્ભ:


1. ર.છો. પરીખ અને હ.ગં. શાસ્ત્રી, 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ',ગ્રંથ-2, મૌર્યકાલથી ગુપ્તકાલ, ભો.જે. વિદ્યાભવન,અમદાવાદ.
2. રસેશ સી. જમીનદાર, ક્ષત્રપકાલીન ગુજરાત; ઈતિહાસ અને સંસ્કૃતિ, લાલભાઇ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ.
3. અબુઝફર નદવી, ગુજ. અનુ. છોટુભાઇ ર.નાયક,ગુજરાતનો ઈતિહાસ, ભાગ-2, ભો.જે. વિદ્યાભવન, અમદાવાદ.
4. હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રી, ગુજરાતનો પ્રાચીન ઈતિહાસ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.
5. ભોગીલાલ જયચંદ સાંડેસરા, જૈન આગમ સાહિત્યમાં ગુજરાત.
6. A.S. Altekar, A History of Important Ancient Towns and Cities in Gujarat and Kathiawad, Bombay.
7. M.R. Majmudar(Ed.), Historical and Cultural Chronology of Gujarat, Baroda.
8. Jackson, Gazetteer of the Bombay Presidency, Vol.I, Part I, History of Gujarat: Early History, Prepared from notes by Bhagvanlal Indraji, Bombay.(Also useful Vol., 5,8 and 9)
9. R. S. Tripathi, History of Ancient india, 2nd Ed., Varanasi.
10. H. D. Sankalia, Archaeology of Gujarat(including Kathiawar), Bombay.

| | |
|---|---|
| **એકમ-07** | **મૈત્રક કાલીન ગુજરાતનો રાજકીય ઈતિહાસ-ભટ્ટાક, ધ્રુવસેન પહેલો ધ્રુવસેન બીજો, શિલાદીત્ય પહેલાના વિશેષ સંદર્ભમાં** |

રૂપરેખા


7.0 ઉદ્દેશો
7.1 પ્રસ્તાવના
7.2 મૈત્રક રાજ્યની સ્થાપના
7.3 મૈત્રક જાતિ અને ઉદય
7.4 મૈત્રકોની રાજધાની વલભી
7.4.1 વલભી
7.5 મૈત્રક રાજ્યનો પારંભ
7.5.1 સેનાપતિ ભટ્ટાક
7.5.2 ધરસેન પહેલો
7.5.3 દ્રોણસિંહ
7.5.4 ધ્રુવસેન પહેલો
7.5.5 ધરપટ્ટ
7.5.6 ગુહસેન
7.5.7 ધરસેન બીજો
7.5.8 શિલાદિત્ય પહેલો (ધર્માદિત્ય)
7.5.8.1 માલવ- વિજય
7.5.9 ખરગ્રહ પહેલો
7.5.10 ધરસેન ત્રીજો
7.5.11 ધ્રુવસેન બીજો (બાલદિત્ય)
7.5.11.1 હર્ષ સાથેનો સંબંધ
7.5.11.2 હ્યું. એન. ત્સાંગ
7.5.12 ધરસેન ચોથો
7.5.12.1 ચક્રવર્તી
7.5.12.2 વિન્દય શાખાનું વિલીનીકરણ
7.5.13 ધ્રુવસેન ત્રીજો
7.5.14 ખરગ્રહ બીજો (ધર્માદિત્ય)
7.5.15 શિલાદિત્ય ત્રીજો
7.5.16 શિલાદિત્ય ચોથો

7.5.17 શિલાદિત્ય પાંચમો

7.5.18 શિલાદિત્ય છઠ્ઠો

7.5.19 શિલાદિત્ય સાતમો

7.6 મૈત્રક રાજ્યનો અંત (વલભીના વિનાશ)

7.7 સારાંશ

7.8 ચાવીરૂપ શબ્દો

7.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

7.10 સંદર્ભસૂચી

**7.0 ઉદ્દેશો** :

આ પ્રકરણનું અધ્યયન કર્યા બાદ તમે ....

1. મૈત્રક વંશની સ્થાપના વિશે માહિતી જાણી શકશો.
2. મૈત્રકોની રાજધાની વિશે માહિતી જાણી શકશો.
3. મૈત્રકોની ઉત્પત્તિ વિશે માહિતી જાણી શકશો.
4. સેનાપતિ ભટ્ટાક વિશે માહિતી જાણી શકશો.
5. બીજા મૈત્રક શાસકો વિશે માહિતી મેળવી શકશો.
6. મૈત્રકો શાસકોની રાજ્ય વ્યવસ્થા વિશે માહિતી મેળવી શકશો.
7. મૈત્રકો શાસકોએ મેળવેલ બિરૂદો વિશે માહિતી મેળવી શકશો.
8. મૈત્રક શાસકોના વિજયો વિશે માહિતી મેળવી શકશો.

**7.1 પ્રસ્તાવના** :

ગુજરાતમાં પ્રાચીન સમયમાં મૌર્ય અને ગુપ્તોનું વર્ચસ્વ તથા સામ્રાજ્ય રહ્યું છે. આ સમય દરમિયાન ગુજરાતનો આર્થિક, સામાજિક વિકાસ થતો રહ્યો છે. ગુજરાતમાં ગુપ્તોનાં નિર્બળ પડતા શાસનોના કારણે સુદર્શ પ્રદેશમાં એ કનવાજ વંશનો ઉદયો થયો. આ નવો વંશ ભાવનગરનાં વલભી પ્રદેશમાં વિકસ્યો. જે મૈત્રક તરીકે ઓળખાયો. ગુપ્ત યુગનાં છેલ્લા રાજાનાં સમયમાં મૈત્રક સત્તાનો સ્થાપક સેનાપતિ ભટ્ટાક હતો. આથી તેણે પોતાના તામ્રપત્રમાં સેનાપતિ ભટ્ટાક એવો ઉલ્લેખ કરેલો છે. તેના પછીના વારસદારોએ પોતાને સેના તરીકે ણ ઓળખાવતા અલગ રાજા તેમજ મેળવેલા બિરુદો મહારાજાધિરાજ તેવા નામથી ઉલ્લેખ આપે છે. આ મૈત્રકોનો ઈતિહાસ તે સમયમાં કેટલાક સ્થાનિક સાહિત્ય તથા મૈત્રકોના એકસો જેટલા પ્રાપ્ત થયેલા તામ્રપત્ર દ્વારા જાણવા મળે છે. તેમનાં સમયમાં કોઈ ચોક્કસ એવો લેખક સાહિત્યકાર થયેલો નથી. જેને મૈત્રકો વિશેની માહિતી આપી હોય. મૈત્રક શાસકોએ ખાસ કરીને દાન આપ્યાનો ઉલ્લેખ કરે છે. તેથી તામ્રપત્રોમાં જમીન કે નામ દાનમાં આપ્યાના તામ્રપત્રો પ્રાપ્ત થાય છે. આ સિવાય આરબ વ્યાપારીઓ મૈત્રકોના શાસનમાં વ્યાપાર કરવા આવતા. તેમના વ્યાપાર નામમાં પણ કેટલો ઉલ્લેખ મળે છે. આ ઉપરાંત ચીની મુસાફર હ્યું.એન. ત્સાંગ મૈત્રક

રાજા ધ્રુવસેન બીજાના સમયમાં ગુજરાતમાં આવ્યો હતો. જે દમનો જમાઈ હતો. તેથી ચીની મુસાફરના લખાણમાંથી ગુજરાતની અને મૈત્રકો વિશેની માહિતી મળે છે. મૈત્રકોની પડતીનું કારણ પણ આરબ વ્યાપાર હતો તેવી માહિતી પણ આરબ સાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે. મૈત્રક સમયમાં અલગ સ્વતંત્ર રાજ્ય સ્થપાયું, તેમાં ગુજરાતના વ્યાપારને ઉત્તેજન મળ્યું. સામાજીક, આર્થિક વિકાસ થયો અને અલગ વંશની સ્થાપના થતા અલગ શાસક તરીકે દ્રુત્તોની સત્તા બનાવી સ્વતંત્ર રાજ્ય બનાવ્યું.

## 7.2 મૈત્રક રાજ્યની સ્થાપના:

ગુજરાતમાં મૈત્રકવંશની સ્થાપના ઇ.સ. 470માં સેનાપતિ ભટ્ટાકે કરી હતી. આ ભટ્ટાક ગુપ્ત સામ્રાજ્યમાં સ્કંદગુપ્તના સમયે તે સેનાપતિનાં પદ પર હતપ. પરિણામે પોતાને સેનાપતિ ભટ્ટાક તરીકે ઓળખાવે છે. તેને લગભગ સ્વતંત્રરાજ્ય બનાવ્યું હતું પરંતુ પોતાના સ્વામી તરીકે ગુપ્તવંશના સ્કંદગુપ્તને સ્વીકાર્યો છે. પરિણામે તેઓ સેનાપતિ અને રાજ્યને ગુપ્તરાજ સાથે જોડે છે. તેના અવસાન પછી આવેલા શાસકો મહારાજ અને મહારાજાધિરાજ તરીકે ઓળખાવ્યા. આમ એક સામાન્ય સેનાપતિમાંથી રાજા અને રાજ્ય તથા તેના વારસદારોએ સામ્રાજ્ય બનાવ્યું, જે મૈત્રક સામ્રાજ્ય તરીકે ઓળખાયુ. તેમણે ઇ.સ. 788 સુધી 19 જેટલા રજાઓએ શાસન કર્યું.

## 7.3 મૈત્રક જાતિ અને ઉદય:

મૈત્રકો કોણ હતા ? તેના વિશે ચોક્કસ માહિતી નથી. વિદ્વાનો તેમના વિશે એંક મંતવ્યો છે. એક મંતવ્ય પ્રમાણે તે હુણ જાતિનો હતો એમ કહેવાય છે. હુણ લોકો સૂર્યની પૂજા કરતા હતા માટે સૂર્ય પૂજક મૈત્રકો કહેવાય. કેટલાક વિદ્વાનો એવું માને છે કે સૌરાષ્ટ્રની મિહિર જાતિના લોકોને મૈત્રક સાથે સંબંધ ધરાવે છે અને તેણે લોધે તેઓ મૈત્રકો કહેવાય. મિહીરનો અર્થ સૂર્ય થાય છે. સેનાપતિ ભટ્ટાક, સૂર્યના પૂજક હતા. તેથી સૂર્ય પૂજક મૈત્રકો કહેવાયા. આ ઉપરાંત ભટ્ટાકનો અર્થ સૂર્ય થાય છે. સૂર્યનું બીજું નામ મિહિર અને મિહિરમાંથી મૈત્રકો કહેવાય. સૂર્યના નામનો બોજો અર્થ મિત્ર થાય છે. મિત્ર ઉપરથી મૈત્રકો થયા.

મનુસ્મુતિ અને વૈજંતીકોષ, જૈનગ્રંથો તથા હ્યું.એન. ત્સાંગની નોંધ મૈત્રકો માટે વાત્સવૈશ્ય શબ્દ વાપરે છે. આ વાત્યવૈશ્ય લોકો ક્ષત્રિય હતા. 7મી સદીમાં યાદવો સાથે તેમણે જોડીને તેમનો મહિમા વધારવામાં આવ્યો છે. ડૉ. કૃષ્ણાકુમારી વીરજી પોતાના ગ્રંથ પ્રાચીન સૌરાષ્ટ્રનો ઈતિહાસમાં નોંધે છે કે મથુરાની આસપાસણ પ્રદેશમાં યાદવોની મિત્રાવંશની એક શાખા હતી અને આ શાખામાંથી મૈત્રકો ઊતરી આવ્યા. ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી નોંધે છે કે, 'ભગવાન લકલીશના પટ શિષ્ય મિત્ર હતા. તેથી તેમના વારસદારો મૈત્રકો કહેવાયા.'

## 7.4 મૈત્રકોની રાજધાની વલભી :

મૈત્રક વંશનો રાજધાની વલભી હતી. વાલ્ભીપુરાનો અને તેના રાજવંશનો નાશ કેવી રીતે થયો તેણે લગતી માહિતી જૈન પ્રબંધોમાં જળવાઈ હતી પરંતુ એ અગાઉ એ વંશમાં કેટલા રાજા થયાં

ને એમાં રાજ્યની કેવી જાહોજલાલી હતી એની માહિતી તો છે; છેલ્લા સવાસો વર્ષ દરમિયાન વંચાયેલા અને પ્રસિદ્ધ થયેલા એમના તામ્રપત્રો પર કોતરેલા અભિલેખો પરથી ઉપલબ્ધ થઇ છે. આ અભિલેખોમાં જુદા જુદા ભૂમિદાનોનાં રાજશાસન લખેલાં હોય છે ને એમાં દાન દેનાર રાજાની તેમજ એના પુરોગામીઓની પ્રશસ્તિ આપવામાં આવી હોય છે. વળી જેને દાન આપવામાં આવ્યું હોય તે બ્રાહ્મણ, દેવાલય કે વિહાર, દાનમાં અપાતી ભૂમિના સ્થાન માપ તથા ખૂંટ, દાનની મીતિ, દાનશાસનનું સ્થાન વગેરે માહિતી મેળવી શકાય છે.

**7.4.1 વલભી** :

ગુપ્ત સમ્રાટ સ્કંદગુપ્ત ઇ.સ. 467 ના અરસામાં મૃત્યુ પામ્યો. એ પછી થોડા જ સમયમાં આ પ્રદેશમાં ગુપ્ત શાસનનો અંત આવ્યો લાગે છે. ગુપ્ત સામ્રાજ્યના સૂબાનું વડુ મથક ગિરિનગર હતું, પરંતુ મૈત્રક કુલના સેનાપતિ ભટ્ટાકે જે નવી સત્તા સ્થાપી, તેને રાજધાની તરીકે વલભીપુરની પસંદગી કરી. વલભી એ સુરાષ્ટ્રના પૂર્વતટ પર આવેલી પ્રાચીન નગરી હતી. હાલ ભાવનગરની ખાડી તરીકે ઓળખાતી ખાડી ત્યારે ચેક વલભી સુધી વિસ્તરેળ હતી ને વલભી એ સુરાષ્ટ્રનું પ્રસિદ્ધ બંદર હતું. નદીના કાંપને લીધે ધીમે ધીમે ખાડી પૂરાતી ગઈ ને પરિણામે દરિયો હાલ ત્યાંથી 10-12 માઈલ દૂર ખસી ગયો છે. મૈત્રક રાજ્યના અંત પછી ત્યાં ચારેક સૈકા વાળાઓની અને એ પછી ગોહિલોની સત્તા પ્રવર્તી. ગોહિલોના સમયમાં વલભીને કહેતા. હવે પાછું એનું ‘વલભીપુર’ નામ રાખવામાં આવ્યું છે. વલભીપુર હાલ ભાવનગરથી ઉત્તર પશ્ચિમે અઢારેક માઈલને અંતરે આવેલું ને ભાવનગર જિલ્લાના વલભીપુર તાલુકાનું વડુ મથક છે.

**7.5 મૈત્રક રાજ્યનો પ્રારંભ** :

**7.5.1 સેનાપતિ ભટ્ટાક (ઇ.સ. 470 થી 480 સુધી )** :

વલભીમાં મૈત્રક વંશની રાજસત્તા સ્થાપનાર સેનાપતિ ભટ્ટાક હતો. એ ઘણો પરાક્રમી અને પ્રતાપી હતો. એણે સૈન્યોની મદદથી રાજ્યશ્રી પ્રાપ્ત કરી હતી. આ સિદ્ધિ એણે ગુપ્ત સામ્રાજ્યની પડતીનો લાભ લઇ પોતાના પુરુષાર્થથી પ્રાપ્ત કરી લાગે છે છતાં એણે રાજબિરુદ ધારણ ન કરતાં પોતાનું મૂળ ‘સેનાપતિ’ બિરુદ જ ચાલુ રાખ્યું. એ રીતે એણે ગુપ્ત સમ્રાટનું સ્વામિત્વ ઔપચારિક રીતે માન્ય રાખ્યું જણાય છે. ભટ્ટાક પરમ માહેશ્વર હતો. આથી એની મુદ્રા પર વૃષભનું પ્રતીક દેખાય છે જે શિવના નાન્દીનું સૂચક છે. સેનાપતિ ભટ્ટાક સંગ્રામમાં અતુલ પ્રતાપ પ્રાપ્ત કર્યો હતો ને દાન, મન અને આર્જવથી પોતાના સૈનિકોનાં મન જીતી લીધા હતા. તે દાન, માન અને ઋજુ વર્તાવ દ્વારા સૈન્યનો અનુરાગ ધરાવતો હતો. તેણે ઇ.સ. 470 માં મૈત્રક વંશની સત્તા સ્થાપિત કરી હતી.

**7.5.2 ધરસેન પહેલો (ઇ.સ. 480 થી 500)**

સેનાપતિ ભટ્ટાક પછી એનો જ્યેષ્ઠ પુત્ર ધરસેન પહેલો ગાદીએ આવ્યો.

વલભી એ વલ્લભનું નારી જાતિનું રૂપ નથી. નગરીના નામનું ખરું રૂપ વલભી છે, વલ્લભી નહિ, સંસ્કૃત,માં વલભી શબ્દ મકાનના ઉપલા ભાગ માટે વપરાતો.

ભાટર્ક અને ભટ્ટારક એ બે ભિન્ન શબ છે. ભટાર્ક એ મૈત્રક વંશ – સ્થાપકનું વિશેષ નામ છે. જયારે ભટ્ટાક એ સ્વામિત્વ સૂચવનું બિરુદ છે.

પિતાની જેમ એણેપણ સેનાપતિનું મૂળ બિરુદ ચાલુ રાખ્યું. ધરસેને પોતાના પિતાએ સ્થાપેલી સત્તા જાળવી રાખી. એ દીન અને અનાથ લોકોનું ભરણપોષણ કરવામાં ઘણો ઉદાર હતો. સેનાપતિ ભટાર્ક અને સેનાપતિ ધરસેને લગભગ ઇ.સ. 470 થી 500 સુધી રાજ્ય કર્યું.

### 7.5.3 દ્રોણસિંહ (ઇ.સ. 500 થી 520)

સેનાપતિ ધરસેન પછી એનો નાનો ભાઈ દ્રોણસિંહ ગાદીએ આવ્યો. એનો વિધિસર રાજ્યાભિષેક થયો ને એણે 'મહારાજ' ની રાજ્યપદવી ધારણ કરી. એનો રાજ્યાભિષેક એના પરમસ્વામીએ કરાવ્યો હતો. દ્રોણસિંહનો આ પરમસ્વામી એ સમયનો ગુપ્ત સમ્રાટ જ હોવા જોઈએ. ગુપ્ત વંશની ગાદી પર ત્યારે કાં તો બંધગુપ્ત અથવા વૈન્યગુપ્ત હોવો જોઈએ, કેમ કે દ્રોણસિંહનો રાજ્યભિષેક લગભગ ઇ.સ. 500માં થયો હતો. મૈત્રકોએ આ પહેલાં તેમ જ પછી પણ ગુપ્ત સમ્રાટોનું ઉપલક ઉપરીપણું માન્ય રાખવાની નીતિ રાખી અને ગુપ્ત સમ્રાટોએ મૈત્રકોની રાજસત્તાને અનુમોદન આપી એમની મૈત્રીને વફાદારી ચાલુ રહે તેવી નીતિ અંગીકાર કરી. દ્રોણસિંહ પોતાના નામના રાજશાસન ફરમાવતો અને એમાં પોતના એ પરભટ્ટારકનો માંપૂર્વક ઉલ્લેખ કરતો.

દ્રોણસિહે સ્મૃતિઓમાં વિહિત કરેલા રાજધર્મને અનુસરીને રાજ્યમાં વિનય અને વ્યવસ્થાની પદ્ધતિ પ્રયોજી. મૈત્રકોની રાજસત્તા હવે સ્થિર થતા આ રાજાએ રાજ્યતંત્રની વ્યવસ્થા કરી. દ્રોણસિંહની રાજશ્રી મહાદાનોથી પાવન થઈ હતી. દેવીનાં મંદિરોને એણે આપેલાં ભૂમિદાનોનોઉલ્લેખ મળે છે. દ્રોણસિહે આશરે ઇ.સ. 500 થી 520 સુધી રાજ્ય કર્યું.

### 7.5.4 ધ્રુવસેન પહેલો (ઇ.સ. 520 થી 550)

દ્રોણસિંહનો ઉત્તરાધિકાર તેના નાના ભાઈ ધુર્વસેન પહેલાને મળ્યો. આ રાજાએ લગભગ ઇ.સ. 520 થી 550 સુધી રાજ્ય કર્યું. એ મહાસામન્ત, મહિપતિહાર, મહાદંડનાયક, મહાકાર્તાકૃતિક અને મહારાજ એ પાંચ મહાબિરુદ ધારણ કર્યા હતા. શાસ્ત્રાર્થનાં તત્વોનો જાણકાર હતો. એ અનેક ધર્મદાન દેતો. ઘણાં દાન બ્રાહ્મણોને દીધેલાં છે, જેમાં આનંદપુર (વડનગર) ના બ્રાહ્મણોનો સમાવેશ થાય છે. મૈત્રકોનો કુલધર્મ માહેશ્વર હતો, પરંતુ એ પરમ ભાગવત (વૈષ્ણવ) હતો. થોડાક ભૂમિદાન બૌદ્ધ વિહારો (મઠો) ને પણ અપાયાં છે. એમાંનો એક વિહાર એની ભાગિનેયી(ભાણેજી) દુદ્દાએ બંધાવેલો હતો. ધ્રુવસેને એક ગામ ગારુલક વંશના સામન્ત વરાહદાન બીજાને દાનમાં દીધું હતું, તે પણ પરમ ભાગવત હતો. મહારાજા ધ્રુવસેનની સત્તા ખેટક એના પુત્રનું મૃત્યુ થતાં રાજાના એ આનંદપુરમાં સભામાં કલ્પસૂત્રનો પાઠ કરવામાં આવ્યો હતો.

### 7.5.5 ધરપટ્ટ (ઇ.સ. 550 થી 555 ) :

ધ્રુવસેન પછી એનો નાનો ભાઈ ધરપટ્ટ ગાદીએ આવ્યો. એ આદિત્ય ભક્ત હતો. ભટ્ટાકનો આ ચોથો પુત્ર વયોવૃદ્ધ હતો. એણે ઇ.સ. 550 થી 555 એમ 5 વર્ષ રાજ્ય કર્યું. આમ ભટ્ટાક પછી

ગાડીનો વારસો વારાફરતી એના ચાર પુત્રોને મળ્યો. મૈત્રક વંશમાં રાજા પોતાના ઉત્તરાધિકારીને પોતાની પસંદગી પ્રમાણે નીમતો.

**7.5.6 ગુહસેન (ઇ.સ. 555 થી 570)**

ધરપટ્ટનો ઉત્તરાધિકારી એનો પુત્ર ગૃહસેન થયો. મૈત્રક વંશમાં સેનાપતિ ભટ્ટાક પછી બીજો મહાન રાજવી ગૃહસેન હતો. તેણે લગભગ ઇ.સ. 555 થી 570 સુધી રાજ્ય કર્યું. એનાં ત્રણ તામ્રશાસન મળી આવ્યા છે, જે મુજબ બધાં ભૂમિદાન બૌદ્ધ વિહરોને દીધાલા છે. ગૃહસેન પરમ માહેશ્વર હતો. છેલ્લા દાનશાસનમાં એ પોતાને પરમ ઉપાસક (બૌદ્ધ) તરીકે રજૂ કરે છે. ગૃહસેન બાળપણથી યુદ્ધવિદ્યામાં નિપૂણતા સાધી હતી. એણે પ્રજાના હૃદયનું રંજન કરીને રાજા શબ્દને યથાર્થ બનાવ્યો હતો. એના ઉદાર અને ઉમદા સ્વભાવની ભારે પ્રશંસા કરવામાં આવી છે. એના સમયમાં મગધ સમ્રાટોની સત્તા અસ્ત પામી હતી ને કનોજના મૌખરી વંશના રાજાઓની પ્રબલ સત્તા જામવા લાગી હતી.

**7.5.7 ધરસેન બીજો (ઇ.સ. 570 થી 595)**

ગુહસેન પછી એનો પુત્ર ધરસેન બીજો ગાદીએ આવ્યો. આ રાજાના એંક તામ્રપત્ર મળ્યાં છે, જેમાં ભૂમિદાનને લગતાં રાજશાસન કોતરેલાં છે. તેણે ઇ.સ. 570 થી 595 સુધી રાજ્ય કર્યું. તેણે ભૂમિદાન સુરાષ્ટ્ર, ખેર્ક અને આનંદપુરના બ્રાહ્મણોને તથા વલભીનાં વિહારોને આપેલો છે. આ રાજા કેટલીક વાર 'મહારાજા' ઉપરાંત 'સામંત' કે'મહાસામંત' નું બિરુદ ધારણ કરતો. આ રાજાએ સહજ શક્તિ અને ખાસ શિક્ષણ વડે ધનુર્ધરોમાં નામના મેળવી હતી. એના સમયમાં સ્થાણવીશ્વર (થાનેશ્વર) ના પ્રતાપશીલ પ્રભાકરવર્ધને મહારાજધિરાજનો દરજ્જો પ્રાપ્ત કર્યો હતો. ધરસેન ઘણો ઉદાર અને ગુણસંપન્ન હતો. રાજાઓ એ આપેલા ધર્મદાનોનું અનુપાલન કરતો. આગળ જતાં આ રાજાને નામે બે બનાવટી તામ્રશાસન ઘડાયેલા મળ્યાં છે. મહારાજા ધરસેન પછી એનો મોટો પુત્ર શિલાદિત્ય પહેલો રાજા થયો.

**7.5.8 શિલાદિત્ય પહેલો (ધર્માદિત્ય) (ઇ.સ. 595 થી 615) :**

શિલાદિત્ય ઘણો વિદ્વાન છતાં વિનયી હતો. એ પોતાના ઉદાત્ત ધમાચરણને લઈને 'ધર્માદિત્ય' તરીકે ઓળખાતો. ગુપ્ત સમ્રાટો, વિક્રમાદિત્ય અને મહેન્દ્રાદિત્ય જેવાં ઉપનામ ધારણ કર્યા. જયારે શીલાદીત્યે 'ધર્મદિત્ય' એવું ઉપનામ પસંદ કર્યું, એ એનું ધર્મનું મૂલ્યાંકન સૂચવે છે. એ બ્રાહ્મણોને, દેવાલયોને અને વિહરોને ભૂમિદાન દેતો. એ પરમ માહેશ્વર હતો. એણે પોતાના મહેલની બાજુમાં એક શાકય વિહાર બંધાવ્યો હતો. એમાં સાત બુદ્ધોની પ્રતિમાઓ પધરાવી. એણે એમાં શિલ્પકલાની વિપુલ સમૃદ્ધિ ઠલવાવી હતી. દર વર્ષે એ ',મોક્ષ પરિષદ' બોલાવતો ને ભિક્ષુઓને સર્વસ્વનું દાન દેતો.

**7.5.8.1 માલવ – વિજય :**

પરાક્રમમાં એ ભારે મહત્વાકાંક્ષી હતો. એ ઇ.સ. 595ના આજુબાજુ ગાદીએ આવ્યો, ત્યારે થાનેશ્વરના મહારાજાધિરાજ પ્રભાકરવર્ધનનું આધિપત્ય ચોમેર જામ્યુ હતું. એણે માલવરાજનો

પરાભવ કર્યો હતો. માલવના રાજપુત્ર કુમારગુપ્ત અને માધવગુપ્ત થાણેશ્વરનાં રાજપુત્ર રાજ્યવર્ધન અને હર્ષવર્ધનના સાથી તરીકે રહ્યાં હતા. ઇ.સ. 605 ના અરસામાં પ્રભાકર વર્ધન મૃત્યુ પામતાં, માલવરાજે કનોજ પર ચડાઈ કરી પ્રભાકરવર્ધનના જમાઈનો સંહાર કર્યો અને વિધવા રાજ્યશ્રીને કેદ કરી. આથી રાજ્યવર્ધને માલવરાજ પર વેર લેવા ગયો, એણે માલવસેના પર જીત મેળવી, પરંતુ ગૌડરાજે એને દગો દઈ મારી નાખ્યો. ગોડરાજ સામે હર્ષવર્ધને કુચ કરી. માલવના રાજપુત્ર માધવગુપ્તો મગધમાં રાજ્યાભિષેક થયો. માલવરાજ દેવગુપ્ત તો ક્યારનોય નામશેષ થયો હતો. આ પલટાતા સંજોગોમાં મૈત્રક નરેશ શિલાદિત્ય માલવ દેશ પર પોતાની સત્તા પ્રસારી. ત્રીસેક વર્ષ પછી ચીની પ્રવાસી હ્યું.એન. ત્સાંગે માલવની મુલાકાત લીધી, ત્યારે તેણે ત્યાં આ ધર્મપરાયણ રાજવીની નામના સાંભળી હતી. શિલાદિત્યની સત્તા કચ્છથી ઉજ્જયીની સુધી પ્રવર્તતી. શિલાદિત્યએ લગભગ ઇ.સ. 615 સુધી શાસન કર્યું.

### 7.5.9 ખરગ્રહ પહેલો (ઇ.સ. 615 થી 620)

શિલાદિત્યને દેરભટ નામે પુત્ર હતો, છતાં પોતાના ઉત્તરાધિકારી તરીકે શિલાદિત્યે પોતાના નાનાં ભાઈ ખરગ્રહની પસંદગી કરી હતી. ખરગ્રહ ભારે પરાક્રમી હતો. એના પ્રખ્યાત પૌરુષ અને અસ્ત્રકૌશલને લઈને એ વીર પુરૂષોમાં અગ્રિમ સ્થાન ધરાવતો. એણે ઇ.સ. 616માં ઉજ્જયિનીમાં વિજય- છાવણી નાખી હતી. એ સમયે ભારતવર્ષમાં બે ચક્રવર્તી હતા- ઉત્તરાયણમાં હર્ષદેવ અને દક્ષિણાપથમાં પુલકેશીના પક્ષમાં ભળ્યાં, પરંતુ આગળ જોતાં એમણે હર્ષદેવની સત્તા સ્વીકારી. દાનશાસનોમાં ખરગ્રહની યશસ્વી વિજયસિદ્ધિ, પ્રભાવસંપતિ, ઉદ્દાત મનોવૃત્તિ અને વિમલગુણસંપન્નતાની પ્રશસ્તિ કરવામાં આવી છે. ખરગ્રહે લગભગ ઇ.સ. 615 થી 620 સુધી રાજ્ય કર્યું જણાય છે.

### 7.5.10 ધરસેન ત્રીજો :

ખરગ્રહ પહેલા પછી એનો મોટો પુત્ર ધરસેન ત્રીજો ગાદીએ આવ્યો. એના રાજ્યનો સમય લગભગ ઈ.સ. 620 થી 628 સુધીનો ગણાય છે. એણે ઈ.સ.623-24 માં ખેટક (ખેડા) મુકામે વિજયછાવણી નાખી હતી. પ્રશસ્તિમાં ધરસેનને ઘણો પરાક્રમી પુરુષ આલેખવામાં આવ્યો છે. એ ધનુર્વિદ્યામાં ભારે અસ્ત્રકૌશલ ધરાવતો. એનાં દાનશાસનોના દૂતક તરીકે શિલાદિત્ય નામે સામન્ત ફરજ બજાવતો. એ શિલાદિત્ય ધર્માદિત્યના પુત્ર દેરભેટનો જ્યેષ્ઠ પુત્ર શિલાદિત્ય હોવાનું જણાય છે. 'આર્યમંજુશ્રીમૂલકકલ્પ'માં જણાવેલો ચપળ એ આ ધરસેન હોય તો એ સ્ત્રી લંપટ હોઈને સૈનિકો વડે હણાયો હતો. દાનશાસનોમાં તો એને પરમ ભદ્ર પ્રકૃતિનો કહ્યો છે અને એ વિદ્વાન અને ઉદાર તથા વિવેકી અને વિનમ્ર હતો એવું એનું ચરિત્રચિત્રણ કરેલું છે.

### 7.5.11 ધ્રુવસેન બીજો (બાલાદિત્ય) (ઇ.સ. 629 થી 642) :

ધરસેન ત્રીજા પછી એનો નાનો ભાઈ ધ્રુવસેન બીજો રાજા થયો. એનાં સાત દાનશાસન ઉપલબ્ધછે. એમાં ચાર શાસન સુરાષ્ટ્ર, ખેટક અને માલવકમાં રહેતા બ્રાહ્મણોને અને બે દાન વલભીના બૌદ્ધ વિહારોને આપેલાં છે. દ્રોણસિંહે એક દેવીનાં મંદિરને આપેલું ભૂમિદાન પછીના ગાળામાં લુપ્ત થઇ ગયું હોઈ ધ્રુવસેને એને નવેસરથી દાનમાં દીધું.

**7.5.11.1 હર્ષ સાથેનો સંબંધ:**

આ સમયે ઉત્તર ભારતમાં ચક્રવર્તી હર્ષનું આધિપત્ય પ્રવર્તતું હતું, જયારે દક્ષિણ ભારતમાં ચાલુક્ય નરેશ પુલકેશી બીજાનું આધિપત્ય જામ્યુ હતું. પુલકેશીએ હર્ષનો સફળ સામનો કરી એની વિજયકુચને ઉત્તર ભારત પૂરતી માર્યાદિત રાખી હતી. આ અરસામાં હર્ષે વલભીપતિ ધ્રુવસેનનો પરાભવ કર્યો ત્યારે નાંદીપૂરી (નાંદોદ)ના ગુર્જર રાજા બીજાએ એને રક્ષણ આપ્યું. થોડા જ વખતમાં ચક્રવર્તી હર્ષ અને વલભીપતિ ધ્રુવસેન વચ્ચે સુખદ સમાધાન થયું અને હર્ષ વલભીપતિને પોતાનો જમાઈ બનાવી એની સાથે મીઠો સંબંધ બાંધ્યો. આ સંબંધને લઈને વલભીપતિને હર્ષના દરબારમાં મોખરે સ્થાન મળતું. હર્ષે ચીની મુસાફર હ્યુ.એન. ત્સાંગને કનોજ તેડાવી ધર્મપરિષદ ભરી.

**7.5.11.2 હ્યું. એન. ત્સાંગ** :

હ્યું. એન. ત્સાંગે પશ્ચિમ ભારતની મુલાકાત લીધી ત્યારે એણે ભરુકચ્છ (ભરૂચ), માલવક (માળવા), ખેડક (ખેડા) , આનંદપુર (વડનગર), વડાલી, વલભી અને ગિરિનગરની મુલાકાત લીધી હતી. વલભીની મુલાકાતની નોંધમાં ચીની પ્રવાસી રાજાના બૌદ્ધ ધર્મ વિશેના અનુરાગની પ્રશંસા કરી છે. દર વર્ષે એ મોટી પરિષદ બોલાવતો ને સાત દિવસ સુધી મુલ્યવાન દ્રવ્યોનું દાન દેતો. બૌદ્ધ ધર્મ તરફના એના આ અનુરાગમાં એના સસરા હર્ષના ધાર્મિક વલણની પણ અસર થઇ જણાયછે.

એ ઘણો પુરુષાર્થી અને પ્રતાપી હતો. એ રાજ્યતંત્રમાં તેમજ પાણિનીય તંત્રમાં નિષ્ણાંત હતો. વલભીમાં શબ્દશાસ્ત્ર (વ્યાકરણ)ના શિક્ષણને ભારે મહત્વ અપાતું. ભટ્ટીએ રચેલા મહાકાવ્ય પરથી પણ સ્પષ્ટ થાય છે. આ પ્રતાપશાળી રાજા તદ્દન યુવાન વયે ગાદીએ આવ્યો જણાય છે. ધ્રુવસેન ‘બાલાદિત્ય’ તરીકે જાણીતો હતો. બાલાદિત્ય ધ્રુવસેનના સમયથી વલભીપતિની કીર્તિ સમસ્ત ઉત્તર ભારતમાં પ્રસરી.

**7.5.12 ધરસેન ચોથો (ઇ.સ. 64 થી 648)** :

ધ્રુવસેન બાલાદિત્યનો ઉત્તરાધિકારી ધરસેન ચોથો ચક્રવર્તી હર્ષનો દૌહિત્ર હતો. એ લગભગ ઇ.સ. 643 માં ગાદીએ આવ્યો. એનું એક ભૂમિદાન સુરાષ્ટ્રના એક મહાયાન વિહારને આપવામાં આવ્યું છે. જયારે બીજા ત્રણ ભૂમિદાન સુરાષ્ટ્ર અને ખેડકના બ્રાહ્મણોને આપ્યાં છે. પહેલાં બે દાનશાસનોની મિતિ વિ.સં. 326 (ઇ.સ. 644-45) ની અને પછીના બેની વિ.સં. 332 (ઇ.સ. 648) ની છે.

**7.5.12.1 ચક્રવર્તી** :

દ્રોણસિંહથી ધરસેન બીજા સુધીના રજાઓ ‘મહારાજ’ કહેવાતા. શિલાદિત્ય પહેલાથી ધ્રુવસેન બીજા સુધીના રાજાઓનાં નામોની સાથે કઈ રાજાબિરુદ આપવામાં આવ્યા નથી. એ રાજાઓ પૂરા સ્વતંત્ર નહિ હોય, પરંતુ ધરસેન ચોથા એ મોટા રાજબિરુદ ધારણ કરવાની પહેલ કરી. એણે પરમભટ્ટારક, મહારાજાધિરજ અને પરમેશ્વર એ ત્રણેય મહાબિરુદ ધારણ કર્યા. એટલું જ નહિ, એણે ચક્રવર્તીનું બિરુદ પણ ધારણ કર્યું. આમાના પહેલાં ત્રણ બિરુદ એના અનુગામીઓએ

પણ જારી રાખ્યા. વિ. સં. 326 ના દાનશાસનોમાં ધરસેન પોતાના અજ્જક (માતામહ) નો અર્થાત હર્ષનો માનપૂર્વક ઉલ્લેખ કરે છે. એ સમયે હર્ષ હયાત હતો તે છતાં ત્યારે ધરસેને ચક્રવર્તી સુધીનાં મહાબિરુદ ધારણ કરેલા હતાં. એ નોધપાત્ર છે. આ પછી બે એક વર્ષ હર્ષ મૃત્યુ પામ્યો. આથી એ પછીનાં ધરસેનનાં દાનશાસનોમાં અજ્જકનો ઉલ્લેખ આવતો નથી. એ અપુત્ર ચક્રવર્તીના મૃત્યુ બાદ એના દોહિત્ર તરીકે ધરસેન એના સામ્રાજ્યનો વારસો લઈ શક્યો હોત, પરંતુ હર્ષના જેવાં મહાબિરુદ ધારણ કરવા છતાં એ ઉત્તર ભારતનો ચક્રવર્તી થવાની તક સાધી શક્યો નહિ. પશ્ચિમ ભારતમાં એ ચક્રવર્તીનું સ્થાન ધરાવતો હતો. એના પૂર્વજોની સત્તા સુરાષ્ટ્ર ઉપરાંત કચ્છ, ખેડક, આનંદપુર, વડાલી અને માલવ પર અર્થાત્ કચ્છથી ઉજ્જૈન સુધી પ્રસરી હતી. દક્ષિણ ગુજરાતનો ઉત્તર ભાગ નાંદીપુરીના ગુર્જરોની અને દક્ષિણ ભાગ સેન્દ્રકોની સત્તા નીચે હતો. ભરુકચ્છ (ભરૂચ) પ્રદેશ જમીનમાર્ગે ખેડક (ખેડા) વિષયની પાસે આવેલો હતો. ઇ.સ. 648માં વલભીપતિ ધરસેને ભરુકચ્છમાં વિજયછાવણી નાખી.

ધરસેન ચક્રવર્તીએ નાનપણથી જ વિધ્યોપાર્જન કર્યું હતું. એ પ્રજા પાસેથી હળવો કર લેતો હતો ને હંમેશા દાન દેવામાં પરાયણ રહેતો. એ ધનુર્વેદમાં તેમજ શરસંધાનમાં નિષ્ણાંટ હતો. ધરસેન ચક્રવર્તી મૈત્રક વંશનો સહુથી વધુ પ્રતાપશાળી રાજા હતો. એને ભુપા નામે એક કુંવરી હતી, પરંતુ પુત્ર ણ હતો. આથી એણે [પોતાના ઉત્તરાધિકારી તરીકે પોતાનો પિતામહ ખરગ્રહના મોટા ભાઈ શિલાદિત્યના કનિષ્ઠ પૌત્ર રાજપુત્ર ધ્રુવસેનની પસંદગી કરી.

**(ક) તમારી પ્રગતિ ચકાસો** :

1. મૈત્રક વંશની સ્થાપના ક્યારે થઈ ?
2. મૈત્રક રાજા ધ્રુસેન બીજાના સમયમાં કયો ચીની મુસાફર આવ્યો હતો ?
3. મૈત્રક રાજ્યની સ્થાપના કોણે કરી ?
4. મૈત્રકો કોના પૂજક ગણાય છે ?
5. ડૉ. હરિપ્રસાદના મતે મૈત્રકો કોણ હતા ?
6. મૈત્રકોની રાજધાની કઈ હતી ?

**7.5.12.2 વિન્ધ્ય શાખાનું વિલીનીકરણ** :

શિલાદિત્ય – ધર્માદિત્યનો પુત્ર દેરભટ અને એનો પુત્ર શિલાદિત્ય બીજો વિન્ધ્ય અને સહ્ય પર્વત વચ્ચે આવેલા પ્રદેશ પર રાજ્ય કરતા હતા. વલભીના મૈત્રક વંશની એ એક શાખા હતી. એ શાખાના શિલાદિત્ય બીજાની કનિષ્ઠ પુત્ર ધ્રુવસેનને વલભીપતિ ધરસેણ ચક્રવર્તીનો રાજવારસો મળતાં, એ શાખા વલભીની મુખ્ય શાખામાં વિલીન થઇ લાગે છે.

**7.5.13 ધ્રુવસેન ત્રીજો** ઇ.સ. 650 ના અરસામાં વલભીની ગાદીએ બેઠો. એનાં ત્રણ દાનશાસન મળ્યાં છે, જેની તિથી વિ.સં 332 થી 334 (ઇ.સ. 651 થી 653) ની છે. એક ભૂમિદાન ખેટકના બ્રાહ્મણને અને બીજું એક ભૂમિદાન વલભીના બૌદ્ધ વિહારને આપેલું છે. આ રાજાનાં દાનશાસનોમાં સુરાષ્ટ્ર અને ખેટક આહાર ઉપરાંત વિશભાગપુર (શિવરાજપુર) વિષયનો ઉલ્લેખ આવે છતાં એણે ચક્રવર્તીના સામ્રાજ્ય પર મૈત્રક વંશની સત્તા ટકાવી રાખી હતી. એની

પ્રાશસ્તિમાં એના પરાક્રમ ઉપરાંત એની શ્રુતિ (જ્ઞાન), સંપતિ અને ઉદારતાની પ્રશંસા કરવામાં આવી છે. ધ્રુવસેન લગભગ ઇ.સ. 650 થી 655 સુધી જ રાજ્ય કર્યું જણાય છે.

**7.5.14 ખરગ્રહ બીજો (ધર્માદિત્ય) (ઇ.સ. 655 થી 660)**

ધ્રુવસેન ત્રીજાનો ઉત્તરાધિકાર એના મોટા ભાઈ ખરાગ્રહ બીજાને મળ્યો. આ રાજાએ વિ.સ. 375 (ઇ.સ. 656) માં ખેટકમાં રહેતા એક બ્રાહ્મણને ભૂમિદાન દીધું હતું. દાનમાં દીધેલું ગામ શિવભાગપુર (શિવરાજપુર) વિષયમાં આવેલું હતું. દાનશાસનમાં રાજાના નામ સાથે કાંઇ રાજબિરુદ આપવામાં આવ્યાં નથી. પ્રશસ્તિમાં ખરગ્રહને ભારે પરાક્રમી તેમજ પરમ ધાર્મિક જણાવ્યો છે. ઉચ્છિત ધર્મધ્વજ વડે એણે પોતાના વંશને દીપાવ્યો હતો અને શિલાદિત્ય પહેલાની જેમ 'ધર્માદિત્ય' નું બીજું નામ ધારણ કર્યું હતું. એને પ્રતાપશાળી રાજાધિરાજ તરીકે પણ આલેખવામાં આવ્યો છે. ધ્રુવસેન ત્રીજાની જેમ ખરગ્રહ બીજાએ પણ માત્ર પાંચેક વર્ષ (લગભગ ઇ.સ. 655 થી 660 ) રાજ્ય કર્યું લાગે છે.

**7.5.15 શિલાદિત્ય ત્રીજો (ઇ.સ. 660 થી 685)** :

એનો રાજવારસો એના મોટા ભાઈ શિલાદિત્ય બીજાના જયેષ્ઠ પુત્રને મળ્યો, જેણે 'શિલાદિત્ય' નામ ધારણ કર્યું. એના પિતા વિન્ધ્ય શાખાના રાજા હતા. આથી વિન્ધ્ય શાખાનું વલભીની મુખ્ય શાખામાં વિલીનીકરણ મોડામાં મોડું આ રાજાના સમયમાં તો થયું એમ લાગે છે, આ રાજાના સમયથી મૈત્રક વંશનો દરેક રાજા 'શિલાદિત્ય' નામ જ ધારણ કરે છે. આપણે એમને સગવડ માટે શિલાદિત્ય ત્રીજો, ચોથો, પાંચમો., એમ ઓળખીએ છીએ. શિલાદિત્ય ત્રિજાનાં અનેક દાનશાસન મળ્યાં છે. એની મિતિ વિ.સં 343(ઇ.સ. 664) થી વિ.સં. 357 (ઇ.સ. 676) ની છે. આમાંના ઘણાં દાન વલભી, ખેટક, સિંહપુર ઇત્યાદિ સ્થાનોના બ્રાહ્મણોને આપેલાં છે, જયારે કેટલાક દાન વલભીના બૌદ્ધ વિહરોને આપવામાં આવ્યાં છે. દાનની ભૂમિ સુરાષ્ટ્ર, ખેટક આહાર અને ભરૂકચ્છ વિષયમાંથી આપવામાં આવી છે. ઇ.સ. 666 થી 676 દરમિયાન શિલાદિત્યને દંડયાત્રાની જાણ કરી પરંતુ છેવટમાં એ ધરસેન ચક્રવર્તીને જેમ પરમભટ્ટારક, મહારાજાધિરાજ અને પરમેશ્વર એ ત્રણ મહાબિરુદો ધારણ કરે છે. એ સમયે એણે પણ ભરૂકચ્છવિષયમાં વિજયકૂચ કરી હતી. આથી એનાં મહાબિરુદ સાર્થક જણાય છે.

આ રાજા ઇ.સ. 660 ના અરસામાં ગાદીએ આવ્યો ત્યારે તે નવયૌવનમાં હતો છતાં પોતાનાં વિશિષ્ટ પરાક્રમો દ્વારા એ પોતાનું આધિપત્ય જમાવીને મૈત્રક વંશના પ્રતાપશાળી શિલાદિત્ય તરીકે વિખ્યાત થયો. એના સમયમાં મૈત્રક રાજાઓ પોતાના 'બપ્પ' ને પોતાનાં મહાબિરુદોથી નવાજતા અને દાનશાનોમાં એમનો માનભેર ઉલ્લેખ કરતા. આ 'બપ્પ' શબ્દ અહીં વડા ધર્મગુરુ માટે વપરાયો હતો અર્થાત 'બપ્પ' શબ્દ

'બાપજી' જેવો અર્થ ધરાવે છે. રાજામહારાજાઓ માટે વપરાતા રાજબિરુદ ધર્મના વડાઓ માટે ઉપયોગમાં લેતા.

આ રાજાએ લગભગ ઇ.સ. 685 સુધી રાજ્ય કર્યું. એના સમયમાં લાટના ગુર્જર રાજા દદ બાહુસહાયે ભરુકચ્છ વિષય જીતી લીધો (ઇ.સ. 676) મૈત્રક રાજ્યની પ્રતિષ્ઠાનો ભાનુ હવે બીજી બાજુ નમવા લાગ્યો.

### 7.5.16 શિલાદિત્ય ચોથો (ઇ.સ. 685 થી 710)

શિલાદિત્ય ત્રીજા પછી એનો પુત્ર શિલાદિત્ય ચોથો ગાદીએ આવ્યો. એણે લગભગ ઇ.સ. 685 થી 760 સુધી રાજ્ય કર્યું જણાય છે. એના ભૂમિદાન સુરાષ્ટ્રના બ્રાહ્મણોને આપેલો છે. હવેથી વલભીનો દરેક મૈત્રક રાજા પરમભટ્ટાક મહારાજધિરાજ પરમેશ્વર કહેવાતો. પ્રશસ્તિમાં આ રાજાને ઉદાર, પરાક્રમી અને પ્રતિભાશાળી આલેખવામાં આવ્યો છે.

### 7.5.17 શિલાદિત્ય પાંચમો :

શિલાદિત્ય ચોથાના પુત્ર શિલાદિત્ય પાંચમાંએ લગભગ ઇ.સ. 710 થી 735 સુધી રાજ્ય કર્યું. એનાં ભૂમિદાન સુરાષ્ટ્રમાંથી આપેલાં છે. એના સમયમાં આરબોએ સિંધ જીતી લીધું. ઇ.સ. 725 ના અરસામાં નીમાયેલા સિંધના સૂબા જુનૈદે ગુજરાત પર ફીજ મોકલી દક્ષિણાપથ તરફ વિજયકૂચ કરતી એ ફોજને લાટના ચાલુક્ય નરેશ અવનિજનાશ્રય પુલકેશીએ નવસારીથી પાછી હઠાવી અને ગુર્જર નરેશ જયભટ્ટાચોથાએ વલભીપુરમાં આરબ ફોજનો પરાભવ કર્યો. આરબ સેનાના આ પરાભવમાં વલભીપતિ શિલાદિત્યે પણ સક્રિય ભાગ લીધો લાગે છે. શિલાદિત્ય પાંચમાની પ્રશસ્તિ મૈત્રક રાજાઓની પ્રશસ્તિઓમાં સહુથી ટૂંકી છે. એમાં એના સામંતો પરના આધિત્યનું નિરૂપણ કરેલું છે.

### 7.5.18 શિલાદિત્ય છઠ્ઠો (ઇ.સ. 735 થી 760)

શિલાદિત્ય પાંચમા પછી એનો પુત્ર શિલાદિત્ય છઠ્ઠો ગાદીએ આવ્યો. એણે લગભગ ઇ.સ. 735 થી 760 સુધી રાજ્ય કર્યું. એનું ભૂમિદાન ગોદ્રહક (ગોધરા) ની વિજયછાવણીમાં વિ.સં 441 (ઇ.સ. 759) માં આપેલું છે. એની આસપાસ સંદેશ સૂર્યાપુર વિષય કહેવતો. મૈત્રક રાજાની આ દંડયાત્રા મૈત્રક રાજ્યની ઉત્તર કે ઈશાની આવેલા કોઈ રાજ્ય સામે કરાઈ હશે. આ સમયે લાટના ગુર્જરોની તેમજ ચાલુક્યોની સત્તા અસ્ત પામી હતી ને દક્ષિણમાંથી રાષ્ટ્રકૂટોની સત્તા આ તરફ આગળ ધપી રહી હતી, જયારે ઉત્તરમાંથી ગુર્જર પ્રતિહારો પણ અહી પોતાનું આધિપત્ય જમાવી રહ્યાં હતા. ઇ.સ. 758 ના અરસામાં સિંધની આરબ ફોજે વલભી પર હુમલો કર્યો. આરબોના ઉપદ્રવને કારણે સિંધના જયદ્રથકુલના મહારાજ પુષ્યેણ પશ્ચિમ સુરાષ્ટ્રની ભૂતાબિલીકા- ભૂમિલિકા (ધુમલી)માં સત્તા સ્થાયી. એના વંશજો 'સૈનધવ' તરીકે ઓળખાયા. શિલાદિત્યની પ્રશસ્તિમાં એ મૈત્રક રાજાને નરસિંહ જેવો શક્તિશાળી, સૈન્યનો દર્પ ઉતારનાર અને પરમ વિજયી જણાવ્યો છે.

### 7.5.19 શિલાદિત્ય સાતમો (ઇ.સ. 760 થી 766)

શિલાદિત્ય છઠ્ઠાનો પુત્ર શિલાદિત્ય સાતમાએ વલભીના મૈત્રક વંશનો છેલ્લો રાજા છે. એનું દાનશાસન વિ.સં. 447 (ઇ.સ. 766) નું છે. એમાં આનંદપુરમાંથી ત્યાંના એક બ્રાહ્મણને ખેટક

આહારમાં આવેલુ એક ગામ દાન દીધાની હકીકત નોધવામાં આવી છે. પરમભટ્ટારક મહારાજાધિરાજ પરમેશ્વર શ્રીબપ્પનું પાદાનુંધ્યન ધરનાર પરમભટ્ટારક મહારાજાધિરાજ પરમેશ્વર શ્રી શિલાદિત્યદેવ સાતમાં ધ્રૂભટ (ધ્રુવભટ) તરીકે પણ ઓળખાતા. દાનશાસનોમાં મૈત્રક રાજાઓની પ્રશસ્તિ અત્યાર સુધી ઉચ્ચ ગદ્યમાં આપવામાં આવતી. એને પરાક્રમી, વામક, શ્રીતસન, જ્ઞાના અને ગુણસપન્ન કહ્યો છે. એ લોકપાલોને વિદ્યાધરોને આશ્રય આપતોઅને ભૂતહિત કરવામાં સતત પ્રવૃત્ત રહેતો.

આ વલભીપતિ શિલાદિત્યને ઉત્તરા પથના સ્વામી ધર્મપાલ સાથે વિગ્રહ થયો. આ ધર્મપાલ તે બંગાળના પાલ વંશનો પ્રસિદ્ધ રાજા ધર્મપાલ હતો. શિલાદિત્યે લાંબા વિગ્રહને અંતે ધર્મપાલનો પરાજય કરી એ પોતાનો પ્રદેશ પાછો સોંપ્યો. શિલાદિત્યે આનંદપુરમાં નાખેલી વિજયછાવણીને બનતાં સુધી ધર્મપાલ સાથેના આ વિગ્રહ સાથે સંબંધ હશે.

## 7.6 મૈત્રક રાજ્યનો અંત (વલભીનો વિનાશ) :

ઇ.સ. 776 માં આરબ ખલીફે વલભી પર દરિયાઈ ફોજ મોકલી. શરૂઆતમાં આરબો વલભીપુર કબજે કરવામાં ફાવ્યા, પરંતુ પાછળથી એમાંના ઘણા રોગચાળાને લીધે મરણને શરણ થયા ને બાકી રહેલા જલદી પાછા ચાલ્યા ગયા. આને પરિણામે ખલીફે હિંદ પર ફરી હુમલો મોકલવાનો વિચાર માંડી વાળ્યો. આ આરબ હુમલાને વલભીના વિનાશનું કારણ માનવામાં આવે છે, પરંતુ વલભીનો વિનાશ તો વિ. સં. 845 (ઇ.સ. 788) માં થયો.

વલભીના વિનાશને લગતી અનુશ્રુતિમાં જણાવવામાં આવ્યું છે કે રંક કાકૂ નામે નગરશ્રેષ્ઠીની પુત્રી પાસે સોનાણ રત્નજડિત કાંસકી હતી, તે રાજપુત્રીએ એની પાસે માંગી, પણ એણે એણે પોતાની કાંસકી આપી નહિ. એથી રાજા શિલાદિત્ય બળાત્કારે ઝૂંટવી લીધી. રાજાના આ અત્યાચારનો બદલો લેવા કાકૂ મ્લેચ્છામંડળ ગયો ને મ્લેચ્છપતિને મોં માગ્યા પૈસા આપીને વલભી પર હુમલો કરવા તૈયાર કર્યો. મ્લેચ્છ પતિએ સેના લઈ પ્રયાણ કર્યું. આસોની પૂનમને દિવસે વલભીમાંથી ચંદ્રપ્રભની મૂર્તિદેવપતન (સોમનાથપાટણ), મહાવીર વર્ધમાન સ્વામીની શ્રીમાલપુર, આદિદેવ ઋષભદેવની કાશહદ (કાસન્દ્રા) અને વલભીનાથની મૂર્તિ શત્રુંજ્ય ચાલી ગઈ. નગરના નાશની આગાહી થતાં શ્રાવકો અઢાર હજાર શકટોમાં નીકળી પદી મોઢેરપુર (મોઢેરા) જઈ વસ્યા. મ્લેચ્છ સેનાએ વલભી પર ચડાઈ કરીને શિલાદિત્ય યુદ્ધમાં માર્યા ગયો. પછી મ્લેચ્છાએ નિરાંતે વલભીનો નાશ કર્યો. પછી મ્લેચ્છાપતિ પોતાને દેશ પાછો ફર્યો. વલભીપુરનો અને એના રાજકુલનો નાશ કરનાર આ મ્લેચ્છપતિ કોણ હશે ? આરબ ઈતિહાસકાર અલ બેરુની (11મી સદી) જણાવે છે કે એ અલ- મનસુરાનો અધિપતિ હતો, ને એણે રાતે દરિયાઈ હુમલો કરીને રંકની ઈચ્છા અનુસાર વલભીનો નાશ કર્યો હતો. મનસુરા એ આરબોના સિંધ પ્રાંતનું પાટનગર હતું. આરબો ત્યારે હિંદમાં એ પ્રદેશમાં જ સત્તા ધરાવતા અને ત્યાંથી તેમણે અગાઉ ગુજરાત પર હુમલો કર્યા હતા. ઇ.સ. 788 ના આ હુમલાની નોંધ આરબ તવારીખમાં મળતી નથી. અલ બેરુનીને એ હકીકત હિંદના હિંદુઓ પાસેથી જાણવા મળી હતી.

મેવાડની અનુશ્રુતિમાં ગુહિલોત વંશનો મૂળ પુરુષ ગુહદત્ત વલભીના છેલ્લા રાજા શિલાદિત્યની વિધવા રાણી પુષ્પાવતીનો પુત્ર હોવાનું જણાવવામાં આવ્યું છે. પરંતુ ગુહદત્ત તો ઇ.સ. 568 ના અરસામાં થયો હોઈ શિલાદિત્ય (ઇ.સ. 766) નો પુત્ર હતો. મૈત્રક વંશના અંત પછી વલભીના જહોજલાલી અસ્ત પામી અને સુરાષ્ટ્ર પર બહારના રાજવંશોનું આધિપત્ય જામ્યું. વલભીની જાહોજલાલી અસ્ત પામી અને સુરાષ્ટ્ર પર બહારના રાજવંશોનું આધિપત્ય જામ્યું. વલભીની આસપાસના પ્રદેશ પર વાળાઓની સત્તા રહી, પરંતુ આગળ જતાં ત્યાં ગોહિલોની સત્તા જામી. વાળાઓની એક શાખા તળાજા અને મહવા વચ્ચેના પ્રદેશમાં સત્તા ધરાવતી. તે પરથી એ પ્રદેશ 'વાળાક' તરીકે ઓળખાયો. 'વલભી' કે વલહી' નું રૂપાંતર હવે 'વળા' થયું હતું ને 'વાળા' નામ એ 'વળા' પરથી પડ્યું. કાયસ્થોની 'વાલભ' શાખાની ઉત્પતિ પણ 'વલભી' પરથી થયેલી છે. વળાના ગોહિલો શિહોર- ભાવનગરના ગોહિલોના ભાયાત હતા. હાલ 'વળા' પાછું 'વલભીપુર' કહેવાય છે ને એ ભાવનગર જીલ્લાના વલભીપુર મહાલનું વડું મથક છે.

મૈત્રક શાસકોમાં અનેક રાજાઓ થઇ ગયા. શિલાદિત્ય પછી સત્તા નબળી પડતા મૈત્રકોનાં શાસકોનો અંત આવ્યો. તેમના અંત માટે કેટલાક પરિબળો જવાબદાર હતા. પ્રાચીની નોંધ અને સાહિત્યોમાં તથા વિવિધ તિર્થંકર અને પ્રબંધદોષ અને પુરાતન પ્રબંધ વગેરેમાં મૈત્રકોના શાસક માટે આરબોનું આક્રમણ જવાબદાર છે.

- **મૈત્રકોની વંશાવલી**

મૈત્રક રાજાઓની વંશાવલી

1. ભટાર્ક 2. ધરસેન 1લો 3. દ્રોણસિંહ 4. ધ્રુવસેન 1લો 5. ધરપટ્ટ

6. ગૃહસેન 7. ધરસેન 2જો 8. શિલાદિત્ય 1લો 9. ખરગ્રહ 1લો

-ધર્માદિત્ય દેરભટ 10. ધરસેન 3જો 11. ધ્રુવસેન 2જો 12. ધરસેન 4થો – ચક્રવર્તી શીલાદિત્ય

14. ખરગ્રહ 2જો 13. ધ્રુવસેન 3જો 2જો ધર્માદિત્ય

15. શિલાદિત્ય 3જો16. શિલાદિત્ય 4 થો 17. શિલાદિત્ય 5મો 18. શિલાદિત્ય 6ઠ્ઠો

19. શિલાદિત્ય 7મો

**(ખ) તમારી પ્રગતિ ચકાસો**

1. ધરસેન પહેલો કોનો પુત્ર હતો ?
2. શિલાદિત્ય પહેલો દર વર્ષ કઈ પરિષદ ભરતો હતો ?
3. શિલાદિત્ય બીજા કયા નામે ઓળખાતો ?
4. વલભીનો વિનાશ ક્યારે થયો ?

---

**7.7 સારાંશ:**

ગુજરાતમાં મૌર્ય અને ગુપ્તોની વિદેશી સત્તાઓ હટાવીને મૈત્રક યુગનાં સેનાપતિ તે અલગ સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરી. 468 થી શરૂ કરેલ 776 સુધી વલભીએ પોતાના સામ્રાજ્યનો વિકાસ કર્યો. 300 વર્ષના આ શાસન અલગ રાજ્ય અને અલગ વંશની સત્તા મેળવી. ચીની મુસાફર હ્યું. એન. ત્સાંગ નોંધે છે કે હર્ષ ગુજરાત પર આક્રમણ કર્યું હતું અને તેની સત્તા જોઈ

તેણે પોતાની પુત્રી પરણાવી હતી. મૈત્રકોના સમયમાં ધાર્મિક વિકાસ થવા પામ્યો છે. બૌદ્ધ વિહારો, મંદિરો, બૌદ્ધ સુપો, દેવાલયો બંધાવ્યા. ગુજરાતનો ખ્યાત નામક મહાકવિ ભટ્ટી અને તેનું સાહિત્ય પ્રાપ્ત થયું. આમ ગુજરાત અલગ સ્વતંત્ર, રાજ્યની સ્થાપના કરવાનો શ્રેય મૈત્રકોના ફાળે જાય છે.

## 7.8 ચાવીરૂપ શબ્દો:

1. વર્ચસ્વ – સત=ત્તા ધરવતો હોય
2. તામ્રપત્ર – તાંબાના પતરા પર લખાયેલ લખાણો
3. રાજધાની- પાટનગર, વહીવટનું નગર
4. ઉત્તરાધિકાર – વારસદાર
5. ધર્માદિત્ય- ધર્મ પ્રત્યે વધુ સાદર રાખનાર

## 7.9 તમારી પ્રગતિ ચકસોના જવાબો:

**(ક) તમારી પ્રગતિ ચકાસો :**

1. ઇ.સ. 470
2. યુ. એન. ત્સાંગ
3. સેનાપતિ ભટ્ટાર્ક
4. સૂર્ય પૂજક
5. ભગવાન બકુલીશ પત શિષ્ય મિત્ર હતા.
6. વલભી

**(ખ) તમારી પ્રગતિ ચકાસો :**

1. સેનાપતિ ભટ્ટાર્કનો
2. મોક્ષ પરિષદ
3. ધર્માદિત્ય
4. ઇ.સ. 788માં

## 7.10 સંદર્ભસુચિ:


1. ડૉ. હરિપ્રસાદ ગં. શાસ્ત્રી, "ગુજરાતનો પ્રાચીન ઈતિહાસ" , પ્રકાશક – શ્રી કંચનલાલ ચંદુલાલ પરીખ, રજીસ્ટ્રાર ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ઇ.સ. 1946
2. આચાર્ય ગિ. વ. (સંપા.) ગુજરાતના ઐતિહાસિક લેખો, મુંબઈ ભાગ – 1 (1933), ભાગ (1935), ભાગ-3 (1942)
3. ડૉ. હરિપ્રસાદ ગં, શાસ્ત્રી, "ગુજરાતનો ઈતિહાસ પ્રાચીનકાલ" , પ્રકાશક – યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત આવૃત્તિ- ત્રીજા, 2014

4. પરીખ ર. છો. અને શાસ્ત્રી હરિપ્રસાદ (સંપાદક) "ગુજરાતનો રાજકીય અને સંસ્કૃતિક ઈતિહાસ", ગ્રંથ-1 ઈતિહાસની પૂર્વ ભુમિક, 1972 પ્રકાશક –ભો. જે. વિદ્યાભવન, અમદાવાદ
5. પરીખ 2. છો. અને શાસ્ત્રી હરિપ્રસાદ (સંપાદક) "ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ" , ગ્રંથ- 3, મૈત્રકકાલ અને સાંસ્કૃતિક ઈતિહાસ", ગ્રંથ-3, મૈત્રકકાલ અને અનુમૈત્રક કાલ, ભો. જે. વિદ્યાભવન, અમદાવાદ, 2004

| | |
|---|---|
| એકમ -08 | **મૈત્રક સમયની સામાજિક, આર્થિક, ધાર્મિક, સાંસ્કૃતિક અને વહીવટી સ્થિતિ** |

રૂપરેખા

8.1 પ્રસ્તાવના

8.2 મૈત્રકોની સામાજિક સ્થિતિ

8.2.1 વર્ણવ્યવસ્થા

8.2.2 લગ્ન અને રીતરીવાજો

8.2.3 ખોરાક

8.2.4 પોષાક

8.2.5 આભૂષણો, અલંકાર

8.2.6 ઉત્સવો

8.3 મૈત્રકોની આર્થિક સ્થિતિ :

8.3.1 ખેતી અને પશુપાલન

8.3.2 વેપાર અને ઉદ્યોગ

8.4 મૈત્રકોની ધાર્મિક સ્થિતિ :

8.4.1બૌદ્ધધર્મ

8.4.2 જૈનધર્મ

8.4.3વૈષ્ણવ સંપ્રદાય

8.4.4 શિવ સંપ્રદાય

8.5 મૈત્રકોનું વહીવટીતંત્ર

8.5.1 રાજ્યવિસ્તાર

8.5.2 રાજાનું સર્વોચ્ચ સ્થાન, વહીવટી ન્યાય અને લશ્કરીવડો

8.6 રાજ્યના વહીવટીતંત્રના મુખ્ય અધિકારીઓ

8.7 વહીવટી વિભાગો

8.8 રાજ્યની આવકનાં સાધનો મહેસુલ અને કરવેરા

8.9 સમાપન

8.10 તમારી પ્રગતિ ચકસોના જવાબો

8.11 સંદર્ભગ્રંથો

### 8.1 પ્રસ્તાવના:-

મૈત્રક સમયના ગુજરાતમાં ગુજરાતની પ્રગતિ સોળેકલાએ થવા પામી હતી. મૌર્યયુગથી ગુપ્તયુગ સુધી ગુજરાતમાં પ્રજા જીવનમાં વિવિધ ભાષાઓનો વિકાસ થયો વલ્લભીના મળેલા દાનપાત્રોના આધારે તથા હ્યું-એન-ત્સાંગની નોધ માંથી સંસ્કૃત અને પ્રાકૃત સાહિત્ય માંથી મૈત્રકોની સામાજિક, આર્થિક અને ધાર્મિક બાબતોના ઉલ્લેખ જોવા મળે છે.

### 8.2 સામાજિક સ્થિતિ:

#### 8.2.1 વર્ણવ્યવસ્થા :-

મૈત્રક સમયની સામાજિક સ્થિતિ લગભગ ગુપ્તસમયથી ચાલી આવતા સમાજ જેવી છે. આ સમાજમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર જેવા ચાર મુખ્ય વર્ગોમાં હતી. બ્રાહ્મણોનો મુખ્ય વ્યવસાય કર્મકાંડ, યજ્ઞયાગાદિ અને વિદ્યાર્થીઓને વિદ્યાભ્યાસનો હતો. પરંતુ કેટલાક વિદ્વાન બ્રાહ્મણો વૈદક અને જ્યોતિષનો વ્યવસાય પણ કરતાં. ઉપરાંત શાસનતંત્રમાં ઉચ્ચ અધિકારપદો પણ સંભાળતા ક્ષત્રિયો લોક રક્ષણ કરવાનું કામ કરતા અને સૈનિક તરીકે જોડાતા. તેઓ આ માટે શાસ્ત્રાસ્ત્ર વિદ્યાની ખાસ તાલિમ લેતા અને તીર, તલવાર, ભલા, પરશુ, ગદા, સાંગ વગેરેના ઉપયોગમાં નિષ્ણાંત હતા. વૈશ્યો વેપાર વાણિજ્ય સંભાળતા અને અઢળક દ્રવ્ય કમાઈ લાવતા તેનો ઉપયોગ તેઓ વિહારો, મઠો, મંદિરો તથા ધર્મશાળાઓ બંધાવતા બ્રાહ્મણો, અનાથો, વિધવાઓને દાન આપતા, જનકલ્યાણ માટે વાવ, કુવા, તળાવ અને નહેરો વગેરે બંધાવતા ખુદ વલભીમાં જ હડક અને અજિત નામના વૈશ્યો એ વિહારો બંધાવ્યા હતા. ચોથો વર્ગ શુદ્રોનો હતો. તેઓ દાસ તરીકે, ખેત,મજુરો, ગોપ કે ભરવાડ તથા વિવિધ પ્રકારની કારીગરી કરનાર લુહારીકામ, કુંભારીકામ વગેરે અંગેની ટે સમયના સાહિત્ય માંથી માહિતી મળે છે. સમાજમાં તેમનું સ્થાન નીચું હતું. ચાંડાળ લોકો ગામથી દૂર રહેતા હતાં.

#### 8.2.2 લગ્ન અને રીતરિવાજ :

મૈત્રક સમયમાં લોકો સામાન્ય રીતે પોતપોતાની જ્ઞાતિમાંજ લગ્ન કરતા હતા. રાજકુટુંબના લોકો ક્ષત્રિય ઉપરાંત વૈશ્ય કન્યાને પરણતા. માતા-પિતાનો નિર્ણય લગ્ન માટે આખરી ગણાતો. જ્યોતિષશાસ્ત્ર પ્રમાણે લગ્નતિથી નક્કી થતી. વિધવા પુનઃલગ્નની છૂટ ન હતી. બાળલગ્નનું પ્રમાણ ઓછું હતું. આ ઉપરાંત તેમના જુદા જુદા રિવાજો હતા. સતી થવાનો ક્રૂર રિવાજ હતો જો કે બાણભટ્ટે 'કાદંમબરી' માં આ ક્રૂર રિવાજની ટીકા કરી છે. હ્યુ-એન-ત્સાંગની નોંધ પ્રમાણે કેટલાંક લોકો એક કરતાં વધુ પત્નીઓ રાખતા હતા. આ સમયના લેખકો અને સમાજ સુધારકો સતી પ્રથાને તિરસ્કાર થી જોતા. તે જાણી ને આજે આનંદ થાય છે.

#### 8.2.3 ખોરાક:

આ સમયમાં લોકો ખોરાકમાં લોકો ઘઉં, જવ, ચોખા, બાજરી, અને દૂધ, દુધની બનાવટો ઘી, દહીં, તેમજ ખજૂર, બોર, કેરી વગેરે ફળોનો ભોજનમાં ઉપયોગ કરતા હશે. તેમ કહી શકાય,

વળી બૌદ્ધ અને જૈન ધર્મના વ્યાપક પ્રભાવને કારણે માંસ, મદિરા, અભક્ષ વગેરેનો ઉપયોગ ઉચ્ચ વર્ગના લોકોમાં ઓછો થતો હોય તેમ કલ્પી શકાય.

**8.2.4 પોષાક**:

મૈત્રક સમયમાં લોકો સીવેલાં કપડાંનો ઉપયોગ કરતા ન હતા. પુરુષો અને સ્ત્રીઓ સામાન્ય રીતે કેડની નીચે લાંબુ કપડું, ધોતીયું, પાટલીવાળી પહેરતા તથા શરીરના ઉપરના ભાગમાં બીજું ઉપવસ્ત્ર પહેરતા કે ઓઢતા. સ્ત્રીઓ છાતી પર લાંબી કે ટૂંકી બાયના ખુલ્લા કે બંધગળાના આગળ કે પાછળ દોરીવાળા કંચૂકો પહેરતી, ઉચ્ચ કુટુંબની સ્ત્રીઓ કંચૂક ઉપર રેશમી ઓઢણું ધારણ કરતી, પુરૂષો પાઘડી અથવા ટોપી પહેરતા. ઉચ્ચ કુટુંબો રેશમી, ઉન અને ઝીણા સુતરાઉ કાપડનો ઉપયોગ કરતાં અને સામાન્ય લોકો સુતરાઉ કાપડનો ઉપયોગ કરતાં. સામાન્ય લોકો જોડા પહેરતા નહી. ઉપલા વર્ગના લોકો ચામડા કે કંતાન માંથી બનાવેલ મોજડી પહેરતા.

**8.2.5 અલંકારો અને આભૂષણો**:

મૈત્રકકાલીન સમયમાં અહીના લોકો કાનમાં કુંડળ, ગળામાં હાર, પગમાં ઝાંઝર આ ઉપરાંત કડલા, હાથે કંકણ, કંદોરો અને કંઠહાર પહેરતા હતા, સ્ત્રીઓ અને પુરૂષો કેટલાક દાગીના કે અલંકારો જેમ કે હાથે કંગણ, કેડે કંદોરો, કાનમાં કુંડળ કે ઝુમખા પહેરતા હતા. સૌંદર્ય પ્રસાધનના સાધનોમાં સ્ત્રીઓ આંખમાં કાજળ અને અંજણ આંજતી પુરૂષો પણ અંજણનો ઉપયોગ કરતા. સ્ત્રીઓ વાળને છૂટા રાખતી. કેટલીક સ્ત્રીઓ વાળને રેશમી કાપડાથી બાંધતી. બાણભટ્ટે 'કાદંમબરી' અને 'હર્ષચરિત' માં કરેલા ઉલ્લેખ પ્રમાણે અહીંની સ્ત્રીઓ પોતાના વાળની લટો કાઢી ને ગાલ ઉપર લાવતી. પુરૂષો લાંબા વાળ અને મૂંછો રાખતા. અત્તર, સુગંધીતેલ, કપૂરનો ઉપયોગ થતો હતો. આ સિવાય કેસર, ચંદન લગાવવામાં આવતું. દાંતને લાલ કરવામાં પુરૂષો પણ તાંબૂલ ખાઈને મુખ લાલ રાખતા. આ સિવાય આ લોકો રત્નમણિ, મોતી, કિમતી પથ્થરો, ધાતુઓ વગેરનો પણ ઉપયોગ કરતા હતાં.

**8.2.6 ઉત્સવો** :

સમાજમાં ઉત્સવો બહું આનંદ અને ભપકાથી ઉજવતા હતા તેમાં પણ રાજવીના રાજ્યાભિષેક ઉત્સવ કે પાટલી કુંવરના જન્મોત્સવ વખતે ધામધૂમથી ઉજવણી કરવામાં આવતી. આ ઉપરાંત રથયાત્રા, ધાર્મિક ઉત્સવો તથા પુત્ર જન્મ અને લગ્ન પ્રસંગો ઉજવવામાં આવતા. મૃતદેહ ને બાળવાનો રિવાજ હતો. મૃતાત્મા પાછળ પિંડદાનની વિધિ (શ્રાધ્ધક્રિયા)ને એક પવિત્ર ફરજ માનવામાં આવતી.

**8.3 મૈત્રકોની આર્થિક સ્થિતિ** :

મૈત્રક સમયમાં લોકો આર્થિક રીતે સુખી સંપન્ન હતાં.

**8.3.1 ખેતી, પશુપાલન**:

પ્રાચીન ભારતના અન્ય પ્રદેશોની જેની વલ્લભીપ્રદેશમાં પણ ખેતીનો વ્યવસાય મુખ્ય વ્યવસાય તરીકે ગણાતો હતો. અહીં ખેટક અને ભૃગુકચ્છ પ્રદેશમાં ડાંગરનો પાક મુખ્ય થતો હશે તેમ મનાય છે. તેજ રીતે માલવ પ્રદેશમાં ઘઉંનો પાક મુખ્ય થતો હતો તેવો ઉલ્લેખ છે. છતાં ઘઉં

ઉપરાંત, ડાંગર, બાજરી, કઠોળ તથા  શાકભાજી પકવવામાં આવતા. ઉપરાંત ફળોમાં કેરી, ખજૂર, જાંબુ વગેરે ના ઝાડ ઉગાડી પકવવામાં ઉત્પાદન લેતા. આ ઉપરાંત પશુપાલન પણ કરવામાં આવતું જેના માધ્યમથી દૂધ, ઘી, માખણ નો પણ વિપુલ જથ્થો મળી આવતો હતો.

### 8.3.2 વેપાર અને ઉદ્યોગ:

મૈત્રક સમયમાં વલભી દરિયાકિનારે આવેલું હતું, તેથી ગુજરાત અને ગુજરાત અને ગુજરાત બહારના દેશો સાથે વેપારની આપ લે થતી હતી. સમુદ્ર અને જમીન માર્ગે વેપાર થતો હતો. 'કથાસરિત્સાગર' નામના પુસ્તકમાં મૈત્રક સમયના ઉદ્યોગ અને વ્યાપાર સમૃદ્ધિના ઉલ્લેખો જોવા મળે છે. ગુજરાતના વેપારીઓ પરદેશમાં વેપાર કરવા જતા વલભીના શાકવાહું મહિધનનો પુત્ર વસુધન પરદેશ ગયો હતો. મગધનો દેવખેન નામનો વેપારી વલભીમાં વેપાર કરવા આવ્યો હતો. આ સમયે દ્વારકા દેવપહન (સોમનાથ પાટણ), નવસારી, ભરૂચ જેવા દરિયાઈ બંદરો હતા. શિહોરનો રાજકુમાર વિજય ઉર્ફે સિંહલદેવ 500 વેપારીઓને શ્રીલંકાના ટાપુ પર જઈ વેપાર શરૂ કર્યો હતો અને પોતાનું રાજ્ય સ્થાપ્યું હતું. જે સિંહલદિપ નામનો આજનો શ્રીલંકા દેશ બન્યો. આ સમયે નાનામોટા ગૃહ ઉદ્યોગો પણ પ્રચલિત હતા. સામાન્ય રીતે માટીનાં વાસણો બનાવવા, ચિત્રકામ, લુહારીકામ, સુથારીકામ, હાથીદાંતમાંથી કેટલીક વસ્તુઓ બનાવવી, સોનીકામ તેમજ સુતરાઉ કાપડ વણવું, ચામડાના ઉદ્યોગ, ગાડા, રથ, વહાણો બનાવવા વગેરે ઉદ્યોગોનો વિકાસ થયો હતો.

---

## 8.4 ધાર્મિક સ્થિતિ :

---

મૈત્રક સમયમાં મોર્યયુગથી ગુપ્તયુગ સુધીની ધાર્મિક પ્રવૃત્તિ પ્રચલિત હતી. આ સમયે જૈનધર્મ, બૌદ્ધધર્મ, શાક્તધર્મ, વૈષ્ણવ સંપ્રદાય જેવા વિવિધ ધાર્મિક સંપ્રદાયો પ્રચલિત હતા.

### 8.4.1 બૌદ્ધ ધર્મ :

બૌદ્ધ ધર્મ ગુજરાતમાં પ્રચલિત હતો. મૈત્રક રજાઓએ તેને વિકસાવ્યો હતો. અશોકે ગિરનારમાં લેખો કોતરાવ્યા હતા. કેટલાક મૈત્રક રાજાઓ બૌદ્ધ ધર્મી હતા. વલ્લભીપુર, આણંદપુર, બૌદ્ધ ધર્મના મુખ્ય કેન્દ્રો હતાં. બૌદ્ધ વિહારો, મંદિરો, સ્તૂપો ને બાંધવા માટે મૈત્રક રાજાઓએ દાન આપ્યું હતું. આબુના એક દાનપત્ર અને વડનગર શિલાલેખમાં દાનનો ઉલ્લેખ છે. આ સિવાય પૂજા તરીકેની સાધનસામગ્રી પણ રાજ્ય તરફથી અપાતી. વલભીમાં બૌદ્ધ પ્રણાલિથી શિક્ષણ અપાતું. આમ વલભી વિદ્યાપીઠનો વિકાસ થયેલ જોવા મળે છે.

### 8.4.2 જૈનધર્મ :

મૈત્રકોના સમયમાં જૈન ધર્મનો પણ એટલો જ વિકાસ થયો હતો અહીંયા અનેક આચાર્યો જૈન સંપ્રદાયના થઈ ગયા. જૈન રાજાઓએ આનંદપુર (વડનગર)માં કલ્પઅંગનો પાઠ કરાવ્યો હતો. આરબોના આક્રમણ સમયે કેટલીક જૈન પ્રતિમાઓ શત્રુંજય, પાટણ, મોઢેરા, હારીજ, વડનગર વગેરેમાં લાવવામાં આવી હતી. આમ મૈત્રક સમયમાં જૈન ધર્મનો પણ પ્રચાર અને પ્રસાર થયેલો જોવા મળે છે.

**8.4.3 વૈષ્ણવ સંપ્રદાય** :

મૈત્રક સમયમાં વૈષ્ણવ સંપ્રદાય પણ એટલો વિકસ્યો હતો. ભગવાન વિષ્ણુના અવતારો માનવી ગણીને પૂજવામાં આવતા. અહી વરાહ, વામન, કૃષ્ણ, સુદર્શન, લક્ષ્મી, ગદાધર, નારાયણ વગેરેના મંદિરો બાંધવામાં આવ્યા હતાં.

**8.4.4 વૈષ્ણવ સંપ્રદાય**:

મૈત્રક સમયમાં વૈષ્ણવ સંપ્રદાય પણ એટલો વિકસ્યો હતો. ભગવાન વિષ્ણુના અવતારોને માનવી ગણીને પૂજવામાં આવતા અહી વરાહ, વામન, કૃષ્ણ, સુદર્શન, લક્ષ્મી, ગદાધર, નારાયણ વગેરેના મંદિર બાંધવામાં આવ્યા હતાં.

**8.4.5 શિવ સંપ્રદાય** :

આ સમયે ભગવાન શિવની પૂજા થતી હતી. મૈત્રક રાજા ધરપટ અને ધૃવસેન શિવભક્ત હતા. ભગવાન સોમનાથનું લાકડાનું શિવમંદિર આ સમયે બાંધવામાં આવ્યું હતું. આ ઉપરાંત કેટલીક માન્યતાઓ પ્રચલિત હતી. કાર્તિકેય, ગણપતિ, સૂર્ય, ચંદ્ર, પીપળો, લીમડો, ગરૂડ અને નાગની પૂજા પણ કરવામાં આવતી.

---

**8.5 મૈત્રકોનું વહીવટીતંત્ર** :

---

ઈ.સ. 470 માં સેનાપતિ ભટાર્કે સ્થાપેલા મૈત્રક રાજ્યે 300 વર્ષ સુધી ગુજરાત પર શાસન કર્યું હતું. આ દરમિયાન કુલ 19 જેટલા મૈત્રક રાજવીઓ થયા.તેમના આશરે 117 જેટલા દાનપત્રો મળ્યા છે. જેમાં 101 તામ્રપત્રો છે. આ દાનપત્રોને આધારે રાજા, રાજ્યવિસ્તાર, રાજ્યના અધિકારી, રાજવંશ, રાજ્યના વિભાગો અને પેટા વિભાગો, તેની ભાષા, લિપિ, દાન ને લગતી ધાર્મિક માન્યતા, કાલગણના, યુદ્ધ વગેરે અંગેની નાનામાં નાની બાબત જાણી શકાય છે. તેથી ઇતિહાસના આલેખનમાં આ દાનપત્રો માટે ખુબ જ મહત્વના સાબિત થયા છે. કારણ કે તેને આધારે મૈત્રકોના વહીવટીતંત્ર વિશે  વિગતવાર આધારભૂત જાણકારી મળે છે. તત્કાલીન સંજોગોમાં ઉત્તર અને મધ્ય ભારતના સર્વોચ્ચ શક્તિઓ શાસન કરતી હોય ત્યારે ગુજરાતને તેનાથી મુક્ત રાખી રાજ્યશાસને સ્થિરતા આપવી તે મજબુત અને સક્ષમ વહીવટીતંત્ર વિના શક્ય ન બની શકે.એટલે મૈત્રકોનું વહીવટીતંત્ર કેવું હતું તેની વિગતવાર ચર્ચા કરવામાં આવી છે.

**8.5.1 રાજ્યવિસ્તાર**:

મૈત્રકકાલના જુદા જુદા દાનશાસનોને આધારે ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીના મત મુજબ, મૈત્રક રાજ્યનો વિસ્તાર પશ્ચિમે સૌરાષ્ટ્ર અને કચ્છ, ઉત્તરે આબુ નજીક આવેલ વડાલી સુધી, પૂર્વે ઉજ્જયીનીની પૂર્વ સીમા સુધી અને દક્ષિણમાં ભરૂચ સુધીની સીમા હોવાનું જાણવા મળે છે. આ રીતે જોઇએ તો મૈત્રકોનો રાજ્યવિસ્તાર, પૂર્વપશ્ચિમ લગભગ 300 માઈલ અને ઉત્તરદક્ષિણ લગભગ 500 માઈલનો ગણી શકાય.

**8.5.2 રાજા:વહીવટી વડો-સર્વોચ્ચ સ્થાન-**

કોઈ પણ રાજાશાહીની માફક મૈત્રક શાસનતંત્ર માં પણ રાજાને સર્વોપરી ગણવામાં આવ્યો છે. રાજાનું પદ વારસાગત હતું. પ્રાચીનકાળની પરંપરા અનુસાર જયેષ્ઠ પુત્ર ગાદીનો વારસ બનતો હતો, પરંતુ મૈત્રકવંશમાં જયેષ્ઠ નહિ પરંતુ શ્રેષ્ઠ પુત્રને અને તે પણ વારાફરથી એના દરેક પુત્રને મળતો હોય એવું જણાય છે અને રાજા તે પસંદગી પોતાની ઇચ્છાનુસાર કરતો હતો. એટલે કેટલીકવાર મોટાભાઈ ને નાનાભાઈ પછી વારસો મળ્યાના ઉદાહરણો જોવા મળે છે. મૈત્રકોના દનશાસકોમાં દુતક તરીકે ઘણીવાર રાજપુત્ર અને ક્યારેક રાજપુત્રીઓનો પણ ઉલ્લેખ મળે છે. પરંતુ ક્યાંય "યુવરાજ" નો ઉલ્લેખ મળતો નથી. રાજા રાજ્યતંત્રની સારી જાણકારી ધરાવે એ અપેક્ષિત ગણાતું .તેમાં પ્રજાનો વિશ્વાસ  તેને અનુરૂપ આદેશો તેમજ સંધિવિગ્રહ વગેરેનો સમાવેશ થતો

- **લક્ષણો:ગુણો-** મૈત્રક રાજવીઓની પ્રશસ્તિ પરથી જાણી શકાય છે કે રજયમાં ઉચ્ચકુળ, દર્શનીય દેહ, જ્ઞાન, પરાક્રમ, સુચારિત્ર અને ઉદારતાના ગુણ અપેક્ષિત હતા. પરાક્રમની બાબત માં યુદ્ધ કૌશલ્યનો નિર્દેશ મળે છે. રાજધર્મ-શાસન વ્યવસ્થા માટે મનુંસમૃતિને આધારરૂપ ગણવામાં આવતી.
- **રાજબિરુદો** :રાજાના રાજ્યાભિષેકનો વિધિસરનો ઉત્સવ ઉજવાતો. તે સમયે કેટલાક રાજાઓ રાજબિરુદો ધારણ કરતા,તો કેટલાક પોતાના જૂના બિરુદો કે મૂળહોદ્દાઓ જ ચાલુ રાખતા; જ્યારે કેટલાક મૈત્રક રાજાઓએ કોઈજ રાજબિરુદ ધારણ કર્યું ન હતું.
- **ફરજો** : પ્રજાનું પરિપાલન એ રાજાનો મુખ્ય ધર્મ ગણવામાં આવતો. રાજયમાં શાંતિ,સલામતી અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે રાજા યોગ્ય વ્યવસ્થા કરતો.રાજ્યના રક્ષણ અને વિસ્તાર માટે યુદ્ધ કરતો.

**8.6 રાજ્યના વહીવટીતંત્રના મુખ્ય અધિકારીઓ :**

- **રાજપુત્ર**: રાજાના પુત્રો કે જેઓને યોગ્ય તાલીમ મળી રહે તે માટે ગણીવાર અમાત્ય તરીકે નિમણુંક કરવામાં આવતી.
- **અમાત્ય** : અમાત્ય રાજાના શાસનતંત્રનો મુખ્ય વડો અધિકારી હતો. વહીવટીતંત્ર પર તેનો અંકુશ હતો.
- **મહાકર્તાકૃતિક** : તે રાજ્યના કૃત અને અકૃત કાર્યોની સમીક્ષા કરનાર મુખ્ય અધિકારી હતો.
- **મહાપ્રતિહાર**: રાજ્યના  રક્ષણની જવાબદારી તેના શિરે હતી.
- **દૂતક**: રાજાની આજ્ઞાઓને સબંધકર્તા સુધી યોગ્ય રીતે પહોંચાડવાનું કામ દૂતકનું હતું.
- **રાજસ્થાનીય** :રાજાવતી રાજ્યના પ્રદેશોનો વહીવટ કરનાર અધિકારી.
- **દેવીરપતિ** :રાજ્યના તમામ લહિયાઓનો વડો.
- **મહાક્ષપટલિક** : અક્ષપટલ એટલે દફતર ખાતાનો વડો.
- **કુમારામાત્ય** : રાજકુમારને સલાહ આપનાર અમાત્ય.

**8.7 વહીવટી વિભાગો:**

- **ગ્રામ** : વહીવટ માટેનો નાનામાં નાનો એકમ ગ્રામ હતું અને તેનો વહીવટ કર્તા ગ્રામકૂટ કે ગ્રામપતિ તરીકેઓળખાતો.
- **પથક** : પથક ગ્રામથી મોટો વહીવટી વિભાગ હતો. તે હાલના તાલુકા સમાન ગણાવી શકાય.
- **આહાર**: મૈત્રક રાજવીઓના શરૂઆતના દાનશાસનોમાં આહરણી નામનો શબ્દ આવે છે અને તેના પરથી જ આ આહાર શબ્દ આવ્યો જણાય છે, જે વિભાગ પથકથી મોટું વહીવટી એકમ હતું.
- **વિષય** : વિષય એ  હાલના જિલ્લા સમાન વહીવટી એકમ હતું અને તેનો વહીવટ કરનાર મુખ્ય અધિકારી વિષયપતિ તરેકે ઓળખાતો.

**8.8 રાજ્યની આવકનાં સાધનો મહેસુલ અને કરવેરા :**

મૈત્રકોની મુખ્ય આવક મેહેસૂલની હતી. રાજ્યની તમામ જમીન કરપાત્ર હતી .મૈત્રકોના દાનશાસનોને આધારે નીચે મુજબના વિવિધ પ્રકારના મહેસૂલી કર લેવાનાં હોવાનું જાણવા મળે છે.1 .ઉદ્રગ .2પુરીકર.3 ધન્યાદેય 4 હિરણયાદેય.5 ભાગ.6 ભોગ.7 વાતપ્રત્યાય. 8.ભૂતપ્રત્યાય 9 (વેઠ) વિષ્ટિ.10દશાપરાધ.

- **તમારી પ્રગતિ ચકાસો** :

**(ક) ખરાં ખોટા વિધાનો દર્શાવો** :

1. મૈત્રક સમયમાં પિતાના મૃત્યુ પછી પિંડદાનની વિધિ (શ્રાદ્ધક્રિયા) એક પવિત્ર ફરજ માનવામાં આવતી.
2. મૈત્રક સમયમાં સમાજમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વેશ્ય અને શુદ્ર જેવા ચાર વર્ગો હતા.
3. મૈત્રક સમયમાં દ્વારકા દેવપટ્ટન (સોમાનથ પાટણ) નવસારી, ભરૂચ જેવા દરિયાઈ બંદરો હતાં.
4. મૈત્રકોના સમયમાં જૈન રાજાએ આનંદપૂરમાં કલ્પસૂત્ર પાઠ કરાવ્યો હતો.
5. મૈત્રકોએ આશરે 100 વર્ષ ગુજરાત પર શાસન કર્યું હતું ?

**(ખ) ખાલી જગ્યા પૂરો.**

1. ખેટક અને ભૃગુ કચ્છ પ્રદેશમાં ______________નો પાક મુખ્ય હતો.

1. ડાંગર 2. જુવાર 3. બાજરી

2. મૈત્રક સમયમાં ___________બૌદ્ધ ધર્મનું મુખ્ય કેન્દ્ર હતું

1. વલભીપુર 2. પાટણ 3. ખંભાત

3. મૈત્રક સમય દરમિયાન_________________વિદ્યાપીઠ પ્રખ્યાત હતી.

1. વલભી 2. નાલંદા 3. તક્ષશીલા

4. ભગવાન સોમનાથનું લાકડાનું શિવમંદિર _______સમયમાં બાંધવામાં આવ્યું હતું ?

1. મૈત્રક 2.સોલંકી 3.ચાવડા

5. મૈત્રક સમયની સ્થાપના ____________એ કરી હતી.

1. સેનાપતિ ભટ્ટાર્ક 2.ધરસેન પહેલો3. મહારાજા દ્રોણસિંહ

**8.9 સમાપન -:**

મૈત્રક સમયમાં રાજકીય શાંતિ હોવાથી સુંદર અને સરળ વહીવટીતંત્રમાં સમાજ અને માનવીનો વિકાસ થયો હતો. લોકો આર્થિક રીતે સુખી અને સંપન્ન હતા. અનેક ધર્મો અને સંપ્રદાયો પાળતા હતાં.

ચંદ્રગુપ્ત વિક્રમાદિત્ય દ્વારા ક્ષત્રપ રાજવંશને ગુજરાતની જીત સાથે ગુપ્ત શાસન દ્વારા બદલવામાં આવ્યું હતું. વિક્રમાદિત્યના અનુગામી સ્કંદગુપ્તનો જુનાગઢ ખાતે એક ખડક પર શિલાલેખ ઉપર વિગત છે. જે મુજબ મહાક્ષત્રપ રુદ્રદામનના સુબા પૂર્ણ દત્તે તેનાં પુત્ર ચક્રપાલિત દ્વારા બંધાયેલ સુદર્શન તળાવના અતિવૃષ્ટિથી નુકસાનગ્રસ્ત કિનારીઓના સમારકામની વિગતો આપે છે. આનર્ત અને સૌરાષ્ટ્રના પ્રદેશો ગુપ્ત સામ્રાજ્યના બન્ને ભાગ હતા. 5મી સદીના મધ્ય ભાગમાં ગુપ્ત સામ્રાજ્યમાં ઘટાડો થવાની શરૂઆત થઈ. સેનાપતિ ભટારક, ગુપ્તોની, પરિસ્થિતિનો ફાયદો ઉઠાવી અને ઈ.સ. 470માં તેમણે મૈત્રક રાજ્ય તરીકે જાણીતી થઈ. તેમણે સૌરાષ્ટ્રના પૂર્વીય દરિયાકિનારે, ભાવનગર નજીક રાજધાની (ગીરીનગર થી) વલભીપુરમાં રાજધાની ખસેડી. વલભીના મૈત્રકો ખૂબ શક્તિશાળી બન્યા અને તેમનું શાસન ગુજરાતનાં મોટાભાગના વિસ્તારો અને માલવા સરહદ પર પણ પ્રચલિત થયું. મૈત્રકોએ એક યુનિવર્સિટીની સ્થાપના કરી હતી, જે તેના સ્કોલિશિયસ વ્યવસાયો માટે જાણીતી હતી અને તેને પ્રસિદ્ધ નાલંદા યુનિવર્સિટી સાથે સરખામણી કરવામાં આવી હતી. તે ધ્રુસસેના મૈત્રકના શાસન દરમિયાન હતો કે ચીન ફિલસૂફપ્રવાસી- જુઆન ઝેંગે ઈ.સ. 640 માં મુલાકાત લીધી હતી.



ગોપ મંદિર , મેત્રકા સમય .



મૈત્રક રાજવંશનો નકશો

મૈત્રક રાજવંશ )ઈ.સ. 475 થી 767) મૈત્રક રાજવંશે પશ્ચિમ ભારતમાં ગુજરાત પર શાસન કર્યું. ઈ.સ. 475 થી 767. મૈત્રક રાજવંશ ગુપ્તા જનરલમાંથી ઉતરી આવ્યો છે. સેનાપતિ (જનરલ) ભટારકા ગુપ્તા સામ્રાજ્ય હેઠળ સૌરાષ્ટ્ર દ્વીપકલ્પના લશ્કરી ગવર્નર હતા, જેમણે પોતાની જાતને

5 મી સદીના છેલ્લા ત્રિમાસિક ગાળા દરમિયાન ગુજરાતનું સ્વતંત્ર શાસક તરીકે સ્થાપિત કર્યું હતું. તેઓ મૈત્રકા રાજવંશના સ્થાપક હતા, જેમણે પશ્ચિમ ભારતમાં ગુજરાત પર શાસન કર્યું હતું.

મૈત્રાકોએ તેમની રાજધાની વલભી ખાતેથી શાસન કર્યું. તેઓ મધ્યયુગસાતમી સદીમાં હર્ષના - શાસન હેઠળ આવ્યા હતા, પરંતુ સ્થાનિક સ્વાયત્તતા જાળવી રાખી હતી અને હર્ષના મૃત્યુ પછી તેમની સ્વતંત્રતા પાછી મેળવી હતી. એવા પુરાવા છે કે મૈત્રક શાસકોએ શૈવવાદને ફેરવ્યો હતો, પરંતુ 7 મી શતાબ્દીના બીજા ત્રિમાસિક ગાળા દરમિયાન ચાઇનીઝ પ્રવાસી હયુ- એન-ત્સાંગ વલ્લભીની મુલાકાત લીધી ત્યારે, તેમણે તેના શાસકને એક બૌદ્ધ અનુયાયી ગણાવ્યો. સાતમી સદીના છેલ્લા ત્રિમાસિક ગાળા દરમિયાન, ચીની પ્રવાસી વલભીની મુલાકાત લીધી ત્યારે તેમણે વલભીને બૌદ્ધ સંપ્રદાય સહિતના એક ઉત્તમ કેન્દ્ર તરીકે જોઈ હતી.

## 8.10 તમારી પ્રગતિ ચકાસોના જવાબો :

**(ક) ખરાં ખોટાં વિધાનો જવાબો.**

1. ખરું
2. ખોટું
3. ખરું
4. ખરું
5. ખોટું

**(ખ) ખાલી જગ્યા પૂરો જવાબો**

1. ડાંગર
2. વલ્લભીપુર
3. મૈત્રક
4. સેનાપતિ ભટ્ટાર્ક

## 8.11 સંદર્ભ :


1. જયસ્વાલ કે.આર.,હિંદુ રાજ્ય વ્યવસ્થા,ગુજરાત વારનાકયુલર સોસાયટી,અમદાવાદ,.1933
2. સોમપુરા કે.એફ.,હિંદુ રાજ્ય પદ્ધતિઓ નો ઈતિહાસ,યુનિ ગ્રંથ નિર્માણ.બોર્ડ,અમદાવાદ,.1962
3. શાસ્ત્રી હરિપ્રસાદ ગંગાશંકર ગુજરાતનો રાજકીય અને સંસ્કૃતિક ઈતિહાસ ભોજે વિદ્યાભવન અમદાવાદ,.1997
4. જહા,ડીમોર્યોતર ઑર ગુપ્તકાલીન રાજ્ય વ્યવસ્થા.એન.,રાધાકૃષ્ણ પ્રકાશન નવી દિલ્હી.
5. ડૉઓજા ઈશ્વરલાલ.,પ્રાચીન અને મધ્યકાલીન ગુજરાતની લેખન સામગ્રી
6. કૃષ્ણકુમાર વીરજી,મૈત્રક કાલીન ગુજરાત.
7. શાસ્ત્રી હરિપ્રસાદ ગંગાશંકર, મૈત્રક કાલીન ગુજરાત

નોંધ:

BAOU
Education for All

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**

978-93-89909-05-0